Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

यातं भोगाभिलाषैरखिलमिदमहो जीवितं तावकीनं ।
यत्नो नैव त्वयाज्ञ कृत इह जननक्लेशविच्छेदहेतुः ॥
त्यक्त्वासक्तिं गजेन्द्रश्रुतिशिखरचलेष्वेषु भोगेषु शीघ्रं ।
'आत्मानन्द प्रकाशं' कुरु हृदयगतं येन शश्वत्सुखं स्यात् ॥१॥

श्री महावीर जयन्ती अंक.

पु. २१. } वीर सं. २४५०. चैत्र आत्म सं. २८. { अंक ९ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | વલ્લભ-વિચારણા ... ... ... | ...૧૯૭ |
| ૨ | વીર જયંતી સ્વાગત્ ? એ તો એકજ શ્રી મહાવીર ... | ...૧૯૮ |
| ૩ | પરમાત્મા મહાવીર ... ... ... | ...૧૯૯ |
| ૪ | મહાવીર જન્મોત્સવ ... ... ... | ...૨૦૩ |
| ૫ | દુનીયાનો તારણહાર ... ... ... | ...૨૧૧ |
| ૬ | શ્રીમન્ મહાવીરનું આંતરજીવન ... ... | ...૨૧૪ |
| ૭ | શ્રીમાન્ મહાવીરપ્રભુના દુઃખ-ઉપસર્ગમય પ્રસંગો વિષે ઉદ્દભવતા વિચારો | ...૨૧૯ |
| ૮ | વર્તમાન સમાચાર ... ... ... | ...૨૨૨ |



## " શ્રી નેમનાથ પ્રભુનું (નવ ભવનું) ચરિત્ર. "

આ ગ્રંથમાં શું જોશો ? શ્રી નેમનાથ પ્રભુ અને સતી રાજેમતીનો નવ ભવનો ઉત્તરોત્તર આદર્શ પ્રેમ અને અપૂર્વ વર્ણન, પતિ પત્નીનો અલૌકિક સ્નેહ, સતી રાજેમતીના સતીપણાનો વૃત્તાન્ત, પ્રભુની બાળક્રીડા, વગેરે પ્રસંગોની જાણવા યોગ્ય હકીકતો, તેમજ શ્રી વસુદેવ રાજાનું ચરિત્ર અને ઉચ્ચ પ્રકારની પુણ્યપ્રકૃતિનું વર્ણન ખાસ વાંચવા લાયક છે. વળી શ્રીકૃષ્ણ વાસુદેવનું ચરિત્ર, વૈભવ, પરાક્રમ, રાજ્યવર્ણન પ્રતિવાસુદેવ જરાસંધનો વધ, નેમનાથ પ્રભુ પ્રત્યેની શ્રીકૃષ્ણની અપૂર્વ ભક્તિ, તદ્દભવ મોક્ષગામી શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્રો શાંબ અને પ્રદ્યુમ્નનું જીવનવૃત્તાંત. મહાપુરૂષ અને સતી નળ દમયંતીનું જીવન ચરિત્ર, દુઃખના વખતમાં રાખેલી અખૂટ ધૈર્યતા, શિયલ સાચવી બતાવેલો અપૂર્વ મહિમા, અને સતી દમયંતીની શાંતિ અને પતિ પરાયણતા તો વાંચકને આશ્ચર્ય પમાડે છે. જૈનોનું મહાભારત, પાંડવોનું જીવન ચરિત્ર, કુરૂક્ષેત્રમાં પાંડવ કૌરવોનું ( ન્યાય અન્યાયનું ) યુદ્ધ, સતી દ્રૌપદીનો સ્વયંવર અને પાછલા ભવનું વર્ણન, પાંડવો સાથે લગ્ન, સતી દ્રૌપદીનો જૈન ધર્મ પ્રત્યે નિકટ પ્રેમ, પતિ સેવા, શિયલ સંરક્ષણ, ચારિત્ર અને મોક્ષ એ વગેરે વર્ણનો. આટલા આટલા મુખ્ય ચરિત્રો, તેમજ અંતર્ગત બીજા પણ સુંદર વૃતાંતો, અને શ્રી નેમનાથ ભગવાનના જન્મ મહોત્સવ, દિક્ષા, દેશના, પરિવાર અને છેવટે મોક્ષ વગેરેનું વર્ણન આ ગ્રંથમાં ગ્રંથકાર મહારાજ શ્રી ગુણવિજયજી વાચકે એટલુ બધું વિસ્તારથી, સુંદર અને સરલ રીતે આપ્યું છે કે, અત્યાર સુધીના શ્રી નેમનાથ પ્રભુના પ્રકટ થયેલા ચરિત્રો કરતાં આ પ્રથમ પંક્તિએ આવે છે આ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો, આલ્હાદ ઉત્પન્ન કરે તેવો, દરેક મનુષ્ય વાંચી પોતાનું વર્તન ઉચ્ચ ધર્મિષ્ટ બનાવવા પોતા માટે મોક્ષ નજીક લાવી શકે તેવો છે. કિંમત બે રૂપીયા. પોસ્ટેજ જુદું

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

अपगतमले हि मनसि स्फटिकमणाविव रजनिकरग-
भस्तयो विशन्ति सुखमुपदेशगुणाः, गुरुवचनम-
मलमपि सलिलमिव महदुपजनयति श्रवण-
स्थितं शूलमभव्यस्य ।

कादम्बरी.

पुस्तक २१ ] वीर संवत् २४५० चैत्र आत्म संवत् २८. [ अंक ६ मो.

ॐ

## वल्लभ–विचारणा.

(१)

મૂરખ કરે અભિમાન પણ ફલ "પૂર્વકૃત" પેખે નહીં,
ઉદ્યમ તણા આવેશમાં કૃત કૃત્ય તે લેખે નહીં;
અંધી ચડી મદ પૂર્ણથી દૃષ્ટિ વિવેકી ના રહી,
પ્રાણી સહુ પામર ગણે છે "હું અને મારૂં" અહીં.

(૨)

અવલોક તું ! ઈતિહાસ બહુવિધ શ્રેષ્ઠ તારાથી હતા,
ત્હારી જગ્યા ખાલી થશે ક્રમ સૃષ્ટિનો લાગુ થતા;
કર દૃષ્ટિ **શમ** સુ સૃષ્ટિમાં ત્યજ મોહ મત્સર માનને,
"માધ્યસ્થ્ય મૈત્રી પ્રમોદ કરૂણા" જીવન **વલ્લભ** જાનને.

સંઘવી વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वीर जयंति स्वागत !

( ક્યાંથી આ સંભળાય—રાગ. )

સ્વાગત હો વીરબાલ ! સૌને ! સ્વાગત !
અણુમુલ અવસર મોંઘા મૂલના, વધાવીયે ધરી વ્હાલ ! સૌને.
શ્રી સૌરાષ્ટ્રની રાજલભૂમિના, રાજલ હંસ સમાન !
ભલે પધાર્યાં બંધુ બ્હેની, માનસસર મહેમાન ! સૌને.
દેવદેવી સમ વીર સંતાનો ! જીવદયા પ્રતિપાળ !
પ્રભુગુણ ગુંજે ઉજવે ઉત્સવ, **वीर जयंति** રસાળ ! સૌને.
પરમ પ્રેમ પર બ્રહ્મ સુમંત્રે ! ગુંજે સિતાર તાલ !
રૂમઝમ રસીયાં ભક્ત રસેંબની, મસ્ત તજી જગખ્યાલ ! સૌને.
જયજય શ્રી **वीर** ત્રિશલા નંદન, સિદ્ધારથના બાલ.
જગત્ પિતા જયવંતા વર્તો, વર્યાં સ્વરાજની માળ ! સૌને.
શુક્લ ત્રયોદશી ચૈત્ર માસ, સત્તર એપ્રીલ-શુભ શાલ.
ઓગણીશ ચોવીશ ને ગુરૂવારે, ઉજવે આજ સુરાષ્ટ્ર ! સૌને.
વીર પ્રભુ ગુણ ધૈર્ય ક્ષમાને, જીવનના પ્રતિપાલ.
મણિમય સ્વાગત સર્વ સ્વિકારો, અંતર પુષ્પની માળ ! સૌને.

રા. પાદરાકર.

# એતો એકજ શ્રી મહાવીર.

( રાગ—આશા દેશ યા સોરઠ. )

એકજ શ્રી મહાવીર !
એતો ! એકજ શ્રી મહાવીર !
પરમ પ્રેમ પર બ્રહ્મ મંત્રના, સાચા શૂર ફકીર !
મૂર્તિ ત્યાગ વિરાગ શાંતિને, દયા ક્ષમાની ધીર ! એતો.
માતૃ ભક્તિના અણુમૂલ મંત્રો, કુંકયા ગર્ભમાં વીર !
મેરૂ ડગાવ્યો બાલ વયે, થથરાવ્યાં કર્મ સુધીર ! એતો.
આમલકી ક્રીડા કરી પટકયો, અસૂર ભૂમિ શુરવીર !
કર્મ કર્યાં ચકચુર નિડર, જે ખરો કેશરી **वीर** ! એતો.
માત તાત આણા શિરધારી, પરણ્યા બની ગંભીર !
ધર્મ, પ્રેમ-ગૃહ-દંપતી કેરા, શિખવ્યા વિશ્વને **वीर** ! એતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્રી થતાં પરણાવી, કરીને-જ્ઞાન ગુણે ગંભીર !
સજી વિરાગ ત્યજી ગૃહ ગૃહિણી, તોડી મોહ જંજીર ! એતો.
મતિ શ્રુત અવધિ જ્ઞાની વરસતા, વરસીદાન ભડવીર.
મુક્તિ લહે નિયમા લેનારા, સંશય ત્યાં ન લગીર ! એતો.
સત્યાગ્રહ જ્યાં કર્યો, થથરતો કર્મરાય મહાધીર !
સ્વરાજ લેવા સ્વાશ્રયથી, બન્યા સંયમધારી ફકીર ! એતો.
ઉપસર્ગો અગણિત છતાં, રહી મેરૂ સમા મહા ધીર.
અસહકાર કરી કર્મ રાયથી, ખેલે યુદ્ધ બલવીર. એતો.
ચંડકોશી ચંદન શ્રેણિક જીરણ ઉદ્ધરીયા ધીર !
ગૌતમને સાચા વૈરાગે, દઇ કૈવલ્ય સુધીર ! એતો.
નય નિક્ષેપ સુ તત્વજ્ઞાન, સ્યાદ્‌વાદ રચે **મહાવીર**
દિવ્ય અહિંસા ધ્વજ રોપ્યો ફરફરે આજ જગશિર ! એતો.
સ્વદેશ રક્ષાર્થે કુરબાની, કરી જીવનની ધીર !
સ્થાપી સંઘ ચતુર્વિધ જીત્યા, પ્રભુપદ શ્રી મહાવીર ! એતો.
સ્વદેશ સાટે હોમાયો, ત્હેં તોડી જગત્ જંજીર !
મણિમય જગ ઉદ્ધારક સાચો, નામ સફળ કર્યું **વીર** ! એતો.

રા. પાદરાકર.

શ્રી

# પરમાત્મા મહાવીર

**निव्वुइ पह सासणयं ॥ जयइ सया सव्व भाव देसणयं ॥**
**कुसमयमयनासणयं ॥ जिणिंद वरवीर सासणयं ॥ नंदीसूत्र ॥ २२ ॥**

વર્તમાન કાલમાં જગતમાં અનેક ધર્મો છે તેમાં ટુંક સંખ્યામાં રહેલો જૈન ધર્મ પણ મહાન જાહોજલાલીને ભોગવી રહ્યો છે.

દરેક ધર્મના લાંબા આયુષ્ય હોવાનું કારણ મર્યાદા સત્વ છે. સત્વવાન નિરોગી શરીર અનેક આઘાતના પ્રસંગે પણ લથડતું નથી. તેમજ તત્વચર્યા પૂર્ણ ધર્મ પણ અનેક ઠોકરો ખાવા છતાં જીવન્ત દશામાં રહે તેનું કારણ માત્ર તેમાં પોષાયેલ ધર્મ સત્વ જ છે. આ ધર્મને અભ્યુદયની ટોચે પહોંચાડનારા અનેક સર્વ સમર્થ પુરૂષો થયા છે. તેમાં અંતિમ મહોપકારી નરવીર શ્રી મહાવીર પ્રભુ છે, એટલે વર્તમાન કાલમાં તેમણે સુધારેલ જૈન ધર્મ આ અવસ્થિતિને ભોગવી રહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતના દરેક જીવો દુઃખી, સ્વાર્થી, અને પરોપકારી એ ત્રણ કોટિમાં વ્હેંચાય છે, તેમાંથી અંતિમ કોટિના આદર્શ પ્રભુ મહાવીરે બાલ્યતાથીજ વીરતા દર્શાવી હતી. પરની શહાદત વિનાજ સ્વકાર્યનું પરિપૂર્ણ ફલ મેળવનાર આ સમર્થ યોગીના ચરિત્રમાંથી મનોબળના પરિપાકો બહુજ સ્ફૂરી આવે છે. મનોજય ઇચ્છનાર મુમુક્ષુ માટે તો આ ચરિત્ર આદર્શ પ્રતિમાનું સ્થાન ભોગવે છે. શત્રુ મિત્રતાના ભેદને વીર હૃદયમાં સ્થાન ન મળવાથી તે મહા પુરૂષથી દૂર દૂર નાસતો હતો. આ વિશ્વ પ્રેમી હૃદયે સર્વ જીવોના સમાન હક માટે જગતને પારમેશ્વરી ફરજ સમજાવી હતી.

ધર્મ એ વસ્તુતઃ અનાદિ છે. પણ પ્રસગોપાત તેમાં સંસ્કારની અપેક્ષા રહે છે. જેથી વર્તમાન ધર્મનું સમાર કામ એ વીરયોગીના હાથે પૂર્ણ થયેલ છે. પરમ પુરૂષો ધર્મનું દ્દઢ બંધારણ કરવા માટે કેટલીક શરતો તરફ બહુજ લક્ષ્ય રાખે છે. આ બાલવૃદ્ધને અનુકૂલ પડે અને અજ્ઞાની કે જ્ઞાની સર્વ કોઇ સહર્ષ ગૃહણ કરી શકે એવા યોગ્ય વિધિ–આલંબનોને પ્રથમ સ્થાન આપે છે. અપ્રિય કુમાર્ગની રૂઢિઓને દૂર કરી, લોકપ્રિય નીતિ પાઠને સજ્જડ કરે છે. મનુષ્યો પોતપોતાની ભૂલને શોધી શકે એવા સત્યને ફેલાવે છે, ગાર્હસ્થ્ય જીવનમાં પણ અવિચ્છિન્ન પણે આરાધી શકાય તેવી પ્રથાઓમાં પુરતું લક્ષ્ય દોરવે છે તેમજ સર્વ કાલિન દ્રવ્યક્ષેત્ર કાલ અને ભાવની પરંપરાને અવગાહી સત્યને મજબુત રાખવા વિશાલ દૃષ્ટિને અવલંબે છે આ સરતો કબુલ કરવાનું નવ્ય ધર્મ સ્થાપક કે ધર્મતત્વ પોષકને સરખી રીતે લાગુ પડે છે.

પરમાત્માએ મહવીર તો સંપૂર્ણ જ્ઞાની હતા તેને નવો ધર્મ સ્થાપવાનો હતોજ નહીં તેથી પૂર્વાપરથી ચાલતી આવેલી પ્રથાઓને કાયમ રાખી તેઓએ ભાવી કાલમાં જરૂરી વિષયોનો અબાધિતપણે સંસ્કાર કર્યો. તેણે દરેક તર્કવાદિઓ પણ વિવેકથી ગૃહણ કરી શકે એવા માર્ગોને સ્ફુટ કર્યા. સૂક્ષ્મ બાબતોનો મર્મોદ્ઘાટ ન કરી પોતાના અગાધ જ્ઞાન પ્રભાવના પ્રખર ઓજસને લોક દૃશ્ય બનાવ્યો વર્તમાન વિદ્વાનો પણ અમેય જ્ઞેય શક્તિનું માપ કાઢતાં થકી જાય છે. પણ એ બનવું તદ્દન શકય છે, કારણકે તે સર્વજ્ઞને વસ્તુનું ભાન પ્રત્યક્ષ જ્ઞાનથી થયેલ છે, આપણે પરોક્ષજ્ઞાનથી તે ભાન કરવા મથીએ પણ કઈ રીતે સત્યતાપ્રકટાવી શકાય?

વિશ્વવંદ્ય મહાવીર સર્વજ્ઞ સર્વદર્શી હતા તેમણે વિવેચેલ દયા, શીલ, નીતિ, વિવેક અને વૈરાગ્ય વિગેરે સંપૂર્ણાગે બીજે કયાંય નથી. તેઓશ્રીએ દર્શાવેલ, શુદ્ધ જ્ઞાન–જીવની કોટિયો–જીવોત્પત્તિ–જન્મ–ગતિ આદિ બોધ વડે તેની સર્વજ્ઞતા નિઃશંક છે. જો કે તે મહાપુરૂષના અસ્તિત્વને વર્તમાન સમયમાં કાલ ભેદ છે છતાં તેનો વારસો અખંડ છે–આપણી જીંદગી પુરી થવા છતાં પણ પાર ન પમાય એવા અખંડ સિદ્ધાંતને કેટલાક સમર્થ પુરૂષોએ બહુ વિસ્તૃત કરેલ છે. સમર્થ પુરૂષોએ પોતાના ક્ષયોપશમના પ્રમાણમાં એકેક પાઠ પર હજારો શ્લોકોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવતરણિકા વિસ્તારેલ છે. પરમાત્માના સાપેક્ષ વચનનો ખુલાસો આપણી અલ્પ બુદ્ધિમાં ન આવી શકે ને કદાચ બુદ્ધિ વિષયમાં આવવાનું યોગ્ય ધારીએ તો સ્વચ્છંદતાનેજ સ્થાન મળે. જેથી ઉપકાર દૃષ્ટિયે આપણી સાદી સમજણને યોગ્ય માર્ગે દોરવવા ટીકાકાર સમર્થ પુરૂષોએ અમોઘ જ્ઞાન પ્રયત્ન સેવેલ છે.

વર્તમાનકાલીન બુદ્ધિવાદના જડ જમાનામાં પણ યુનિવર્સિટિના ઉચ્ચ શિક્ષણથી પેદા થતી શંકાઓનો સદંતર નાશ કરી, બુદ્ધિગ્રાહ્ય ચૈતન્યવાદને સુલભ રીતે પ્રવર્તાવવામાં આ વીરવચનની તત્વરમણુતા યાને બુદ્ધિ વિશાલતા સફલ થાય તેમ છે. માત્ર દરેક વાંચક સાશ્ચર્ય કબુલ કરે કે—"જૈન ફીલસુફી-દ્રવ્યાનુયોગ, પદાર્થજ્ઞાન, ન્યાય. વિગેરે બીલકુલ સત્ય છે એવી શૈલીમાં તે વીરવચનના અક્ષર દેહો તૈયાર કરવા જોઈએ.

વર્તમાનકાલીન બુદ્ધિવાદના જડ જમાનામાં પણ યુનીવરસીટીના ઉચ્ચ શિક્ષક્ષથી પેદા થતી શંકાઓનો સદંતર નાશ કરી બુદ્ધિગ્રાહ્ય ચૈતન્યવાદની સુલભ રીતે પ્રવર્તાવવામાં આ વીરવચનની તત્ત્વરમણુતા યાને બુદ્ધિવિશાળતા સફળ થાય તેમ છે; માત્ર દરેક વાંચક સાશ્ચર્ય કબુલ કરે કે જૈન ફીલોસોફી દ્રવ્યાનુયોગ, પદાર્થજ્ઞાન ન્યાય વગેરે બીલકુલ સત્ય છે એવી શૈલીમાં તે વીરવચનના અક્ષરદેહો તૈયાર કરવા જોઈએ.

પૂર્વકાલના ઇતિહાસના પાનામાં નજર નાખીએ તો જોઈ શકાય છે કે-જૈન ધર્મે એક કાલે હિંદ બહારના દેશોમાં પણ પોતાના કિરણો નાખ્યા હતા. તે અરબસ્તાન (ઇન્ડિયન એન્ટીકિવટી પુ. પૃષ્ટ ૨૮) અને જાવામાં પગ પાથરી પડ્યો હતો ( ઇન્ડિ૦ ) ઈસ્વીસન પૂર્વે ૪૨૦ વર્ષે થયેલ યૂનાની નામે ઇતિહાસજ્ઞ હેરોડોતસ લખે છે—હિંદુસ્તાની અર્હન્ત ગોસ્ત ખાતા નથી. ઈ૦સ૦ ૬૪૦ ના અરસામાં હિંદુસ્તાનમાં આવેલ ચીનના મુસાફર હુનટસંગના× લેખ ઉપરથી ડો૦ બુલ્હર બીલ, સીયુકી પુ-૧ પૃષ્ટ ૫૫ ) કહે છે કે—જૈન નેતાઓ ધર્મપ્રચાર માટે કીયાપીથીમાં જતા હતા. વળી ચીના ભાષામાં ( ૧ ) જૈન લેખોના અનુવાદો દેખી શકાય છે, કામ સીલાચાર્યે ( ૧ ) તીબેટમાં જૈનધર્મ દાખલ કર્યો હતો ભદ્રબાહુ સ્વામીએ કેટલાક ચોમાસા નેપાલમાં કર્યા હતા. ઈસ્વીસનના આરંભમાં સીલોનમાં જૈનધર્મ હતો. જાવામાં જૈન ખંડીયેરો જોવામાં આવે છે. S. J. ૪1670 આ ધર્મની જાહોજલાલી વીરવચન-મર્યાદાનેજ આભારી છે. અત્યારે માન્યતાના કેટલાક ભેદને લીધે જૈન ધર્મ ક્ષીણબલી થતો જોવાય છે, છતાં તેના અમુલાતત્વો તો દરેક વિદ્યમાન ધર્મતત્વોને હંફાવે તેવા છે. પરમાત્મા મહાવીરે પોતાની જીંદગીમાં નીરાલા વિશ્વોદ્ધારનાજ કૃત્યો કરેલા છે.

વિક્રમાબ્દ પૂર્વે ૪૭૦ વર્ષે પ્રખરયોગી મહાવીર પ્રભુનો પવિત્ર આત્મા ૭૨

× ઇતિહાસ તિમિર નાશકમાં કહ્યું છે કે સન ૩૯૯ માં ચીની મુસાફર હ્વાંતસાંગ તથા-સન ૬૪૦ માં ફરિયાન હિંદમાં આવેલ છે. જ્યારે ઉપરોક્ત નોંધ તેથી જુદી પડે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષનું આયુષ્ય ભોગવી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ ધામમાં પહોંચી ગયો છે. તેમના મહત્વને યાદ કરાવનાર પાંચ તીથીઓ, ગર્ભાગમન તીથી, જન્મતીથી દિક્ષાતીથી, કેવલજ્ઞાનતીથી અને મોક્ષતીથી એ બહુજ કીમતિ દિવસો છે. તે પાંચ પૈકીમાં ચૈત્ર શુદિ ૧૩ નો દિવસ જન્મતીથીના સંબંધવાળો છે. દરેક પદાર્થો દ્રવ્ય ક્ષેત્ર નામ સ્થાપના કાલ અને ભાવને આશ્રિને બલવાન હોય છે. ધાન્ય વાવવાના દિવસોની પેઠે ચૈત્ર શુદિ ૧૩ જન્મ તીથીને દિવસે અલ્પ પ્રયાસ પણ બહુ ફલદ્રુપ બને છે. અને તેથીજ આપણા સમર્થ સેનાધિપતિ પુરૂષો જે ફરમાન દેખાડે છે તે પ્રમાણે વર્તવા માટે લક્ષ રાખવું જોઇયે. શ્રીમાન પૂજ્યપાદ હરિભદ્રસૂરિજી પંચાશકજીમાં ફરમાવે છે કે—

દરેક તીર્થંકરોના પાંચ તીથી રૂપ કલ્યાણકના દિવસો આરાધવાથી તીર્થંકરો વિષે સ્મૃતિ રહ્યા કરે છે. તેથી +તીર્થંકરનું બહુમાન, શ્રેષ્ઠ પુરૂષોના કથન પ્રમાણે ચાલવાનો અભ્યાસ, ઇંદ્રાદિકે કરેલ જીનભક્તિનું અનુકરણ, ભક્તિની પ્રથા પૂર્વકાલીન છે એવું જ્ઞાન અને જીનશાસનની પ્રભાવના, વિગેરે નિશ્ચયે વૃદ્ધિ પામે છે તથા અધ્યવસાયો પણ વિશુદ્ધ થાય છે; માટે આત્મગુણ પ્રકટ કરવાના નિમિત્તભૂત કલ્યાણકના દિવસોમાં રથયાત્રાદિ મહોત્સવ કરવા જોઈયે. રાગી દ્વેષી દેવની સેવા કે અપર્વે કરેલી ક્રિયા અલ્પ અને ક્ષણ વિનાશી ફલને આપે છે, તેમજ વીતરાગની સેવા અને ઉત્તમ દિવસોમાં કરેલ અલ્પ ક્રિયા પણ અપૂર્વ ફલને આપે છે. ( ९ यात्रापंचाशक गाथा ३७ थी ४२ ).

તો આજે આપણે એવી આરાધના કરવી જોઇએ કે જેથી આપણે નિર્મલ થઇએ અને બીજાને પણ તેજ માર્ગમાં દોરી શકીએ.

માતાપિતા કે સમુદાય અમુક વ્યક્તિને ઉચ્ચકોટિમાં લઈ જઇ ફલ માગે છે તે ઉપકૃત વ્યક્તિ પણ ઉપકારી પુરૂષોની આજ્ઞાને જીવિતવ્ય માને છે–તેમજ આપણી ઉપર બેહદ ઉપકાર કરનાર ઉપકારનો બદલો માગતા નથી, પણ આપણી ફરજ છે કે તે પરમાત્માના પગલે ચાલી ઉપકારના ઋણને અલ્પાંશે પણ અદા કરવું. એટલે તે મહાપુરૂષના કૃત્યોને જગજાહેર ચિરસ્થાયી બનાવવા કટિબદ્ધ થવું જોઈએ.

આ દિવસે આપણે જમાઉધારનો ગતવર્ષનો આંતરિક કિંવા સામાજીક ચોપડો પણ તપાસી લેવો, ને શુભ કાર્યમાં તીવ્ર પ્રેમ પ્રકટાવવો. વીરના સંતાન તરીકે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર અંગો છે. તેઓ પોતાની જવાબદારી સમજી પોતાના નામને યોગ્ય ગુણો ખીલવે તેમાં વીરભકિતનો સમાવેશ કરી આ નિવેદનની સમાપ્તિ કરૂં છું. ॐ वीर ! वीर !! वीर !!!

લી૦ મુનિ દર્શનવિજય.

---

+ મનુષ્યોની વીરપૂજા વિધિ એ તેમનાં જીવનનાં ઉંડામાં ઉંડા રહસ્ય દર્શાવે છે–કાર્લાઈલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાવીર જન્મોત્સવ.

( જન્મકાંડ ).

**સ્થલ—સ્વર્ગલોક, મૃત્યુલોક.**
**કાલ—ચોથા આરાનો અંતભાગ.**

**મંગલાચરણ.**

પરમ પુરૂષ મહાવીર....
જ્ઞાનવીર ધ્યાનવીર તાનવીર દાનવીર,
બાલવીર યોગીવીર વીર નામ ધાર. ૧
સુખવીર દુખવીર શાંતિવીર કાંતિવીર,
યશોવીર ધીરવીર જાણો અસિધાર. ૨
શત્રુવીર મિત્રવીર જાપવીર પુણ્યવીર,
સર્વ કાર્ય સાધ્ય યોગ, વીરજી શ્રીકાર. ૩
ગામવીર સ્થાનવીર દેશવીર વેશવીર,
રાજવીર પ્રેમવીર વીરતા પ્રચાર. ૪
વિશ્વહિત ધારવીર વિશ્વજીત શૂરવીર,
શિવલક્ષ્મી સ્વામિવીર વીર ભરતાર. ૫

**प्रवेश १ लो.**

**સ્થલ—સ્વર્ગ.**
**કાલ—ચૈત્રમાસ—પર્વદિન.**

**इंद्र—**

સૂર્યને જન્મદાત્રી દિશા એક છે,
અનેક નથી, માતા સિંહ જન્મતો,
વીર માતા અનલ્પ છે,
કાંકરાથી પણ બીજી અધિક.
વિષય પુતલીઓ,
શું પાડશે ઢાલાં અણઘડ સોનીના છોકરાં;
સિંહના સાંપડયા ઝુલશે જોરમાં,
માતૃ ગુણ ગ્રાહી બાલુડા જગજ્યો.
તે માતને ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે,
સહસ્રશઃ દંપતી યુગ્મને;
પણ અમારી જંખનામાં છે એમ,
શૂરનર જાગશે જગવશે જગજ્યોતને.
પામશે પ્રિયપાઠ શીખવશે સંતપાઠ,
મધુબંસી સુરમાં ડોલાવશે પ્રેમ, પાપ;
દોડવશે, જોડશે પુણ્ય પંથમાં,
અંધકાર ફેડીને સ્વજ્ઞાન પ્રભાવથી.

( આ જંખનામાં કેટલાક દિવસ ચાલ્યા જાય છે. એક દિવસે ઈંદ્રનું સિંહાસન કંપે છે. )

**इंद्र—**( સ્વગત )

શું થયો કંપપાત, કે શું કોઇ શત્રુજાત,
નહીં નહીં—
મારી સામે બંડ જગાવનાર નથી પ્રચ્છાતો;
અરિબાલ,
તો શું અશુભ ચિન્હ છે ?
નાના તેમ નથી,
હજી આગલ જો અવધિના ઓજસથી;
આઘે કેટલે !
કુલાચાર કહે છે. વિશાલા વચ્ચે.

( ક્ષત્રિય કુંડમાં સિદ્ધાર્થ રાજાને ત્યાં તીર્થંકરનો જન્મ થયાનું અવાધ જ્ઞાનથી જાણે છે અને વદે છે )

અહો આતો વિશ્વમાં પુણ્ય જાગ્યું છે,
વાયુ સુંદર વહે છે;
નરકમાં પણ જગજગાટ થયો,
ગ્રહો દશા પલે છે.
પાપ આવ્યું સિંહાસનમાં,
ત્યાં પણ પુણ્ય પેખીને;
નાઠું દૂર, દૂર, દૂર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિંહાસન હસે છે બેલે છે.
દેખીયે પુણ્યનૂર,
પણ હવે મારે महाजनो येनगतः स पन्था;
જે કરવા લાયક છે તેજ આચરવાનું છે.

( દંડાધિપતિ હરિણગમેષીને બોલાવે છે )

इंद्र—

છે કોઇ વચન ઝીલનાર !
દેવસૂત દીપતો.

हरिणगमेषी—

ફરમાવો. સેવક પાલશે,
ઇંદ્રની રસીલી આણ;

( એમ ઉત્તર આપતો હરિણગમેષી પાસે આવી નમન કરે છે અને બે હાથ જોડી ઇંદ્રની આજ્ઞા સાંભળે છે. )

इंद्र—

વગાડ વગાડ મંગલ ઘંટ,
વગાડ વગાડ સુઘોષા ઘંટ;
કર આહ્વાન દેવોનું,
થરથરાવ રજ રેણુ સૂક્ષ્મ.
પુણ્યા ચાર પાંગર,
કરાવ બલ પરિચય;
ધ્રુજે સિંહાસન ઘંટ દેવલોકના,
ઇંદ્ર પરિકર તૈયાર થાય.
આજે ઉત્સવ છે,
આનંદ છે, આનંદ છે, મંગલવેલાછે;
મંગલ શબ્દ પાઠવ,
જન્મોત્સવ છે જગત્પતિનો.
વગાડ, વગાડ, મંગલ ઘંટ.

( હરિણગમેષીદેવ ઇંદ્રની આજ્ઞા પાળવા તૈયાર થાય છે. )

## प्रवेश २ जो.

**સ્થલ**—જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં ક્ષત્રિયકુંડ નગરનો રાજમહેલ.

**કાલ**—ચૈત્ર શુદિ ૧૩ ની મધ્ય રાત્રિ.

( સિદ્ધાર્થ રાજાની પત્ની ત્રિશલા ક્ષત્રિયાણી રાજપુત્રને જન્મ આપે છે અને દાસી અગાશીમાં જઇ આકાશમાં દૃષ્ટિ નાખે છે.

त्रिशला—

દાસી ?

दासी—

જી ! આ–આવી.
પણ જોઉં છું, ગગનમાં છે સિતારો ઉગતો !

(માતા પોતાના બાલક પ્રત્યે આંગલી ચીંધી દાસીને કહે છે. )

त्रिशला—

અરે આ પૂર્વ દિશાનો સૂર્ય ઉગ્યોછે.
શરદના ચંદ્ર જેવો અમૃત વરસતો;
તેજમાં કેટલાય તારા છુપાશે,
છુપા હશે.
કેટલાય દેવ આવશે,
મજો, આકાશ ગર્ભનિયમનો વિકાર;
મંગલ વાત ફેલાવ,
સુંદર સમય છે.
નથી બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ,
હોય કયાંથી રૂપ આવું તેને;

( બાલ રાજપુત્રને દેખી દાસી ખુશી થાય છે. )

दासी—

અહો આતે મનુષ્ય કે દેવ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**त्रिशला**—

અરે એતો મનુષ્યદેહ ધારી છે,
દેવનો દેવ, રાજાનો રાજા;
મારો બાલુડો હૈયાનો હાર,
જા કહે તારા ખાવીંદને.
દેખાડ તારી દાન શક્તિ
વાનકી જગત્રયીનું બલ–જેની;
જાગ્યો છે રૂપ રૂપનો અંબાર,
શણગાર જે વર્ણનમાં મકરધ્વજ.
નહીંતો એકલો લાગશે તેપણ,
તાવડીના તલીયા જેવો, ઉપમામાં
જા—જલદી જા.

**दासी**—

બા ? રાજ હશે રાજ મહેલમાં,
નિદ્રાના વમલમાં;
સુંદર સ્વપ્ન સૃષ્ટિમાં,
કહું તમારા કેણ તેને ?
લાવીશ ભારોભાર દાન,
બા ! જાઉ છું હમણાં.

**त्रिशला**—

( સ્વગત )

અહો ! શું આનંદ છે ?
છું એકલી બની અનેક,
આકાશ અને પ્રદેશો જેમ;
અહો કેવો સુંદર ગંધવાહ છે.
પણ આ શું ?

( એક જાતિનો તીણો સ્વર સાંભળે છે ને એ શું છે ! તે તપાસવા મૌન રહેછે.

**प्रवेश ३ जो.**

**સ્થલ**—ગગન મંડલમાં આગમન.

**કાલ**—

( દિક્કુમારિકાનું મંડલ તિર્યક્ લોકમાંથી નીકળી ગગન માર્ગે થઈ ક્ષત્રિય કુંડમાં આવે છે. )

**एक**—

જણાવે છે નક્ષત્રગતિ,
ગત રાત્રિના જ્ઞાનને,
પારદનલી ઉષ્ણુતાના માનને,
શુભ શકુનો જીનજન્મ સ્થાનને,
બોલો બોલો સાહેલી,
" મંગલ સંદેશા પાઠવ્યા. "

**दिक्कुमारिका**—

મંગલ સંદેશા મોકલ્યાં ॥
જાગ્યું જગતનું નૂર, ઉભું બ્રહ્માંડનું શૂર,
ચાલો સાહેલી રંગ મ્હાલવા ॥
વાધ્યાં પુણ્ય અંકુર, જાગ્યો ધર્મ એ ધૂર,
વીર વધાવો દીલ ધારીયે ॥
ઉગ્યો કનકનો સૂર, ફેર્યો કલ્પલ્હેલૂર.
મંગલ સંદેશા નોતર્યા ॥

( દિક્કુમારીઓ ત્રિશલાના મહેલમાં આવે છે. વિવિધ રંગી શોભા–ભક્તિ કરે છે. પછી કેલના ત્રણ ઘર બનાવે છે અને રાજપુત્ર સાથે ત્રિશલા ક્ષત્રિયાણીને એક કેલિગૃહમાં લઇ જઈ મર્દન કરે છે.

**दिक्कुमारी**—

સ્વર્ગ ગંગા પણ આવીયા ॥
લેવા દર્શન સુખ, લહી નારિનું રૂપ
દુર્લભ દેહ અમૂલો અહીં ॥
બનો સેવી અનુપ, કાં કે'ર સ્વરૂપ,
મંગલ સંદેશા નોતર્યા ॥
આદર્શને ખુબ માંજતા, દેખાય શુદ્ધસ્વરૂપ,
મર્દનથી તેને અમે, બનીયે સિદ્ધ સ્વરૂપ,
મંગલ સંદેશા મોકલ્યા ॥

( બીજા કેલિગૃહમાં બન્નેને લઈ જઈ સ્નાન કરાવે છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एक—

સિંચો સિંચો જીન તરૂને
પ્રકટાવશે ક્રોધમાં અંકુર પ્રેમના
ને-લાવશે હર્ષનાં ફુલ.
ભાવિ વિશ્વ વાડીમાં
સૈયારાં શોકના પણ ન્યારાને ન્યારા
વાધ્યાં પ્રેમ અંકુર
મંગલ સંદેશા મોકલ્યા ॥

( ત્રીજા કેલિગૃહમાં બન્નેને અલંકારે છે અને આ આભૂષણો રાજપુત્રને યોગ્ય છે, એમ નિશ્ચય કરે છે. )

एक—

યોગ્યને યોગ્ય મળે છે
દેવેન્દ્ર પૂજ્યને ન ભૂત નાથનો ધતુરો
ન ટહુકે કોયલ લીંબની ડાલીએ
ઓપે હાડકાનો હાર સ્મશાન વાસીને
કણેર હનુમાનને
કોડાં શોધે છે છાણ મૂર્તિને
દૈવી ભૂષણ તલસે વીરને,
કેયૂર કુંડલ મુકુટ હાર,
દીપે હો દેહપર,
યોગ્ય મેળાપને પાંગર્યા.

( ત્રિશલારાણીને તથા બાલ પ્રભુને આભૂષણોથી અલંકારી તેના મૂલ સ્થાને મૂકે છે અને સર્વ સંગાથે રાસ લે છે. )

दिक्कुमारिका

જીવો માતને સૂત તે. જ્યાં લગે ચંદને સૂર
વીર ભક્તિલીન પ્રાણીયા, લહો સુખ ભરપૂર
બોલો............બો.......લો
રાસ લહો સહુ સાથમાં ॥
બાજે સુંદર તૂર, મીઠો બંસીનો સૂર
ભવચક્રમાં ફરવું મટે ॥
ફેરો કુદડી કુરૂર, નમો નાથ હજૂર
વર્ત્યાં એ વીર વધામણાં ॥

( સર્વ દિક્કુમારિકાઓ આનંદથી રાસ રમીને જાય છે. )

## प्रवेश ४ थो.

**સ્થલ**—ઇંદ્રભુવન.

**કાલ**—મૃત્યુલોકની મધ્યરાત્રી.

( ઇંદ્ર સુઘોટા ઘંટાદ્વારા જીનના જન્મને જાહેર કરે છે અને સ્વપરિકરને આજ્ઞા કરે છે )

इंद्र—

સ્વસ્વ પદસ્થ દેવવૃન્દ ?
આજે મારૂં સિંહાસન ચાલે છે.
વિધુ દિપકના તેલને પ્રેરે છે વિકૃત પવન,
પાતાલ કલશાના નીરને
ઠેલે છે ઉદ્ધત સમીરણ.
નથી તેમ આ સિંહાસનને,
તે ધ્રુજાવતો
ઉષ્ણતાના યોગે પારો ઉંચો નીચો થાય છે
નથી કોઇ પ્રેરક,
કર્મના યોગે જીવ, નથી કોઈ કર્ત્તા:
જીન જન્મયોગે સિંહાસન થર થરે છે.
નથી કોઈ ધ્રુજાવનાર,
ભડવીરનો હાથ
લીંબુ દેખી જીભની પેઠે,
સિંહાસનનું તાંડવ નૃત્ય.
સિંહાસનનો સત્કાર,
જગાવે છે નૂરમાં આલ્હાદ;
થાઓ તૈયાર,
ફરકે છે જય ધ્વજા અનિલોત્સવમાં.
વીર જન્મ કલ્યાણકની,
છે અમોઘ આજ્ઞા;
લોપશો, ના ડાં'પણના દરીયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( દેવો જીન જન્મને જાણે છે અને સ્વગત ચિંતવે છે )

**देववृन्द—**

તૈયાર છે તલસતા આત્મા,
આત્માને ભેટવા;
નથી તુમ આજ્ઞા અમોલી,
પણ છે ભવવારિણી ભક્તિ.
અને તેથી આ........પણ,
નીચે જવામાં ઉંચ્ચ ગમન છે;
નીચે રહેલી નમ્રતા છે ઉંચી,
પગ તેથી પૂજાય છે.
તૈયાર છે ચેતન,
પીછાણુ છે પવિત્રાત્માની
ચાલો.—

( આજ રીતે દરેક દેવલોકના ઇંદ્રાનો પરિવાર અને મહર્ધિક દેવતાઓ ભક્તિથી ઇંદ્રની આજ્ઞાથી કૌતુકથી પોત પોતાના વિમાનદ્વારા જંબુદ્વીપમાં આવે છે ને મેરૂપર્વત ઉપર જાય છે— )

## प्रवेश ५ मो.

**સ્થલ**-ક્ષત્રિયકુંડ અને મેરૂનો માર્ગ.
**કાલ**-જીન જન્મ પછીનો સમય.

( સૌધર્મેન્દ્ર ત્રિશલારાણીના શયન મંદિરમાં આવે છે અને જીનમાતાને નમી બાલ પ્રભુને નમે છે તથા સ્તવે છે )

**इंन्द्र—**

જગજ્યોત નમું, વરજ્યોત નમું
અતિ પ્રેમ ભર્યો, ઓતપ્રોત નમું ॥
નેહથી શીરથી, પદમાં પ્રણમું
યોગ અલખ થયો, મુજનેય નમું ॥
જગજ્ઞાન શીરે, વિધુમાન મુખે,
વીજલી ચમકે, બિંબ ઓષ્ટપરે;
જલચાર ચકે, તુજ નૈનનમેં,
જગજ્યોત નમું, વરજ્યોત નમું ॥

( રાજકુટુંબને અવસ્વાપીનિ નિંદ્રા આપી બાલપ્રભુને મેરૂપર્વત ઉપર લઇ જવા માટે પ્રભુ પાસે આજ્ઞા માગે છે. )

**इन्द्र—**

ફરમાન ચહું, શુદ્ભક્તિ કરૂં,
ધરૂં આપને, ભવસમુદ્ર તરૂં;
વરૂં જ્ઞાન ધ્યાન, તુમનેજ સ્મરૂં,
જગજ્યોત નમું, વરજ્યોત નમું ॥

( ઇંદ્ર વીરના મૂલદેહને ભક્તિપૂર્વક હાથમાં ગ્રહણ કરે છે અને તેને સ્થાને નવું બનાવટી બાલકનું બીંબ મૂકે છે પછી ઇંદ્ર પોતાના પાંચ રૂપ કરે છે. )

**एक रूप—**

નર્યો પુણ્યનો પુંજ, કરે ધરૂં હું;
(એમ કહી પ્રભુને બે હાથમાં લ્યે છે.)

**बे रूप—**

ધરી ચામરો વીંજીશું મોક્ષ સેતુ ॥
( એમ કહી બે બાજુ રહી ચામર ઢાલે છે. )

**चोथुं रूप—**

જગ તાપની, શાંતિનો છત્ર હેતુ,
(એમ કહી છત્ર લઇ પાછલ ચાલે છે.)

**पांचमुं रूप—**

ધરૂં વજા હું જ્ઞાની, પિછાન કેતુ ॥
( વજા લઇ આગળ ઉલાળે છે. )

**सर्व रूप—**

અહો કલ્પ ફલ્યો, અમ ભાગ્ય તણો,
અમ શોક વિદ્વેષ, સંસાર ટલ્યો ॥
વીર અક્ષરદેહનો, યોગ મલ્યો,
જગજ્યોત નમું, વરજ્યોત નમું ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( પાંચે રૂપ આગળ ચાલે છે. )

**पाछलो छत्रधारी इन्द्र—**

અહો વજ્રધારી, ગણું ભાગ્યધણી;
મધ્ય દેહ ભેદી, ચાહું આંખ જીણી ॥

**एक चामरधारक —**

ચહું આંખની ઝાંખ, હું કર્ણ ભણી,
લઘુ ત્રાંસ ગ્રહી, જગજ્યોત નમું ॥

**आगलो वज्रधारि इन्द्र—**

નહીં નેન ત્રીજું, કેમ હું નીરખું;
પરને મહા ભાગ્યશાલી પરખું ॥

**बीजो चामरधारक—**

હું તો દર્શન પામી અતિ હરખું,
જગજ્યોત નમું, વરજ્યોત નમું ॥

( આ પ્રમાણે વિનોદ કરતાં ઇંદ્રના પાંચે રૂપ મેરૂ ઉપર આવે છે. )

**प्रवेश ६ ट्ठो.**

**સ્થલ**—મેરૂ પર્વતની શિલા (અતિ પાંડુકંબલાસન ).

**કાલ**—રાત્રીનો ત્રીજો પહોર.

( પ્રભુને સિંહાસનપર સ્થાપી ઇંદ્ર વિગેરે દરેક દેવતાઓ વિવિધ રૂપે ક્રમસર જલથી ભરેલા વિશાલ અભિષેક કલશોવડે કરીને બાલપ્રભુને સ્નાન કરાવે છે. )

**एक—**

ધુવો મેલ.

**बीजो—**

પ્રભુનો કે આપણો ?
તે તો નિર્મલ છે.

**त्रीजो—**

ધોવો એનો ને જાય આપણો;
ખાય જનેતા ને પોષાય બાલક.

( ઇંદ્ર મનમાં શંકે છે. )

**इन्द्र**—( સ્વગત )

અરે આ બાલક,
પાણીથી અપરિચિત;
ધાવણ પણ નહીં ધાવેલો,
ઉછરતો કુમલો સ્તનંધય.
ભ્રુણ જેવો,
માત્ર દેહધારી મનુષ્ય;
શું સહી શકશે ? તે,
છલાછલ ભરેલા,
ભાદરવાના મેઘ પટલ જેવા,
ઉંચા તે ઉંચા;
પર્વત શા દીપતા,
વિધવિધ રંગી, ચમકતા સુરકરમાં.
સંખ્યામાં કરોડો,
અભિષેકના દિવ્ય કલશાના;
પ્રચંડ જલ પ્રવાહને,
સમુદ્રના વેગને.
વજ્ર જેવા ધોધને;
આ બાલક તો માત્ર માનવી.

( ઇંદ્ર આ પ્રમાણે વિચારે છે, એટલામાં મેરૂપર્વત કંપે છે દેવગણમાં ક્રોધ અને ભય વ્યાપે છે.

**इन्द्र—**

આ શું સમૃદ્ધ સુરો,
શાશ્વતો મેરૂ અચલ છે;
વર્ણવ્યો છે શુદ્ધ વેદે,
ક્ષુદ્ર વેદ પુરાણમાં.
ન ચલે કદાપિ કોપથીયે ઇન્દ્રના,
છે વિતરંગીઓ જલધીઓ;
શું ભૂકંપ ?
કે પાપીની પાપ પ્રવૃત્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( અવધિજ્ઞાનથી પોતાને સંશય પડ્યાની ભૂલ લક્ષમાં આવતાં ઇંદ્ર નમ્રતાથી ક્ષમા યાચે છે. )

इन्द्र—

ક્ષમા આપો,
નથી ઇંદ્રનું હૃદે કપટ;
નથી ભાન દેવરાજને,
ઈંદ્ર પદમાં અજ્ઞાનતા બેઠેલી,
પવનથી પાતલું જ્ઞાન,
નથી વિકટ, કાંઈ જ્ઞાનીને;
ફેંક્યાં સંશય વાદલાં,
જ્યોતિ પ્રકટાવીને.
અજ્ઞાનરજ ઉડી ગઈ,
ભૂલ સમજ્યો દેવપતિ;
મહાન પદ સ્હેલ નથી,
સેવાનો લ્હાવો, અને મનનો નિગ્રહ.
વિવેક વિકલતા વિણસાડે સેવા ફલ.

**सेवाधर्मः परम गहनो**
**योगीनामप्यगम्यः ॥**

સમજ્યો નીતિ મર્મ,
આપ સમર્થ છો;
વાનકી છે જગત્રયીનું બલ જેની,
ક્ષમા આપો.
એકવાર અનેકવાર,
મોહન મયા કુમારીના;
માફી અર્પો ભૂલેલાને,
દેવરાજને દેવેન્દ્ર પૂજ્ય ?

( ઇંદ્ર દેવો પ્રત્યેક કહે છે )

इंद्र

નાચ્યો છે મેરૂ,
પ્રભુ પદસ્પર્શનથી;
હાં નાચ બાપુ, નાચ,
દેવો તમો પણ નાચો.
આજે આનંદોત્સવ છે,
અવસર્પીણિ કાલનો અંતિમ;
જન્મોત્સવ છે,
ગાવો, બજાવો, નાચો.

( અભિષેક થઈ રહેતાં ચંદન પૂજા કરે છે, પછી દેવો આઠ મંગલ, મંગલ દીવો આરતિ વિગેરે કરી ભક્તિપૂર્વક વાજીંત્ર સાથે સ્તુતિ કરે છે. )

૬૪ इंन्द्र तथा देववृन्द—

તરણ તારણ હાર પુરૂષોત્તમ, !
કાંકરે કાંકરે રત્ન પ્રકટાવશો;
સાંબેલાને ફૂલ,
પ્રકાશી કેવલ દીપક.
આંધાને અજવાલશો,
સર્વ દર્શન ગુણવાન;
સંભારશો મોક્ષ દાનમાં,
દીનને-ત્રસ્તને.
દીવાના દેવને દોરશો,
સિદ્ધ માર્ગ સમારિને;
હે લોક સૂર્ય, !
ભૂતકાલ યોગિની પીછીથી,
અનેક સૂર્યો આલેખાયા છે,
ચિત્રાશે ભવિષ્યથી;
કાલપોથીના પાનામાં,
જ્ઞાન કલમથી સિદ્ધાક્ષરે.
કોતરાયેલ છે મહાવીર એવું નામ,
છો બાલવીર;
સત્તાએ દેવવીર,
શીખવજો હિતપાઠ.
સજશો સર્વ જીવના,
સમાન હકના સામૈયાં;
બજાવશો જય ઘોષણા,
નીજ પૂર્ણતા પ્રકટાવીને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ઇંદ્ર બાલવીરને ક્ષત્રિયકુંડમાં ત્રિશલા રાણી પાસે મુકે છે અને ત્યાં દડો ગેડી તથા કુંડલ યુગ્મ મુકી બોલે છે )

**इन्द्र**—

જીન જનની છે વિશ્વ પૂજ્ય,
માતને સૂતને ખેદ પ્રકટાવનાર;
દેખશે શીર્ષના ખંડખંડ નીજના,
જેમ સપ્તધા મંજરી પત્ર.
આણ છે ઇન્દ્રની,
ન તોડશો;
દેવ દાનવ કિન્નર કે નર.

( એમ કહી બાલકના અંગુઠામાં અમૃત મૂકે છે. ઇંદ્રાદિક સર્વ દેવો નંદીશ્વર દ્વિપે જાય છે )

## प्रवेश ७ मो.

**સ્થલ**—ક્ષત્રિયકુંડ.

**કાલ**—પ્રાતઃકાલ.

( દાસી હાંફતી હાંફતી સિદ્ધાર્થ રાજા પાસે દોડી જાય છે અને પુત્ર જન્મની વધામણી આપે છે. )

**दासी**—

કહાવ્યું છે પૂર્વાશાએ,
સખિ કુકડાની સાથમાં;
દેજે સંદેશા રાયને,
સુણ સુણ રાજન.
ત્રિશલાનો મંગલમય સંદેશો;
વ્હાણાં વાયા છે;
ઓસર્યા છે જગના અંધાર,
સૂર્ય પ્રકટયો છે કુલ આધાર.
ત્રિશલાદેવીથી,
કરાવો શાંતિપાઠ;
દીપાવો આનંદદીન, ઉત્સવની ધુનમાં,
એવા છે રાજ રાણીના વેણ.
ઉત્થાપશો ન દેવી વેણ, નરનાથ, !
વાવજો ક્ષેત્રમાં ધન;
બંદીવાનોને છોડશો,
ઉત્સવાનિલે ફરકાવજો જયધ્વજ.

( દાસીને દાન દઇ સિદ્ધાર્થરાજા આનંદ મહોત્સવ કરે છે. નગરમાં અમારી પટહ વગડાવે છે અને પ્રજા રાજાને મુબારકબાદી આપે છે. )

**प्रजावर्ग**—

પરમતત્વો છે,
હૈયાત જ્યાં લગી વિશ્વમાં,
ગીરિગંહ્વરાના ગહન ભાવ
અવગાહતો આત્મ બલે
ત્યાંસુધી જીવો રાજકુમાર,
પ્રજાના પ્રેમ પારણે
ન્યાયના દોરથી
સદા ઝુલો રાજકુમાર
સૂર્ય કિરણ પેઠે જીવન જીવનને
ખીલવશે પનોતો, એ બાલકુમાર.
જય હો સિદ્ધાર્થાંગજની
દેહમાં, જ્ઞાનમાં, શક્તિમાં, ધર્મમાં
અમર બનો બાલ કુમાર.

( બારમે દિવસે જ્ઞાતિ ભોજન કરાવી સિદ્ધાર્થ રાજા કહે છે )

**सिद्धार्थराजा**—

રાજબાલના લક્ષણો છે વર્ધમાન,
ગર્ભમાં આવ્યો ત્યારથી
અમો બન્યા છીએ, રાજ્યથી વર્ધમાન,
ધનથી ધાન્યથી સુખસમૃદ્ધિથી
માટે મુજ બાલુડો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે જ્ઞાતૃ કુલ ઊજાવનાર,
કુલકંકણુ વર્ધમાન.
જગત્વત્સલ દેવપ્રિય
જ્ઞાન બલે વર્ધમાન.
કર્મદલ ચુરવામાં
આનું અખંડ નામ હો
વર્ધમાન ! વર્ધમાન ! ! વર્ધમાન ! ! !

(જ્ઞાતૃ કુટુંબ આનંદથી ઘેર જાય છે અને વર્ધમાન કુમાર બીજના ચંદ્રની કલાની પેઠે વૃદ્ધિ પામે છે. ભવિષ્યમાં સ્વાત્મ પ્રભાવથી "મહાવીર" એવા નામને પ્રાપ્ત કરે છે)

**सत्यजंखना—**

યુગાનુયુગ
મહાવીર શાસન બનો વર્ધમાન

**इति महावीर जन्मोत्सव समाप्त.**

લી૦
મુનિ દર્શનવિજયજી.

# દુનીયાનો તારણહાર.

જે વખતે આર્યાવર્તમાં ઘોર અંધારી રાત્રિ પડી હતી, આત્મકલ્યાણની પ્રખર ધુણીયો ધખવનારા યોગીવરો, તે ભૂદેવો, નૃપવરો અને તે બધા તારાઓ—વિલાસ પ્રિયતા મદાંધતા, સ્વાર્થ વિવશતા, નિર્વિર્યતા, પરવશતા અને હિંસાના પારાવાર અંધકારમાં અદૃશ્ય થયા હતા. હિંસા દેવીએ પોતાની કાળી પછેડીના જાદુમંત્રથી આર્યાવર્તને અવનવા વેષો આપી બધાને અદૃશ્ય કર્યા હતા. આત્મોદ્ધારના દિવ્ય મંત્રો અને અહિંસાના પરમ પવિત્ર સૂત્રો તુટુ તુટુ થઇ કડડડ કરી તુટી પડવાની તૈયારીમાં હતા. તેવા ઘોર અંધકારને—અજ્ઞાનને દૂર કરવા મથતો એક નવો બાલ સૂર્ય આર્યાવર્તના નભોગણમાં ઉગ્યો.

પ્રભાતનો બાલ રવિ જેમ સહસ્રપત્ર (કમલદલ) ની પાંખડીઓ વિકાસ પમાડે તેમ એ નવા ઉગેલા આર્યાવર્તના સૂર્ય—વીરે તે વખતના વિલાસ સાગરમાં તણાઇ રહેલા; હિંસાદેવીના પરમ ભક્ત થઇ બેઠેલા નિર્વિર્ય પામર બનેલા જીવો—ભૂદેવોની આંખ ઉઘાડી અજ્ઞાનને દૂર કરવા એ બાલ રવિ ઉગ્યો હતો—એ વીર જન્મ્યો હતો.

એ કોણ હતું ? જગદુદ્ધારક "પ્રભુ મહાવીર દેવ."

જે વખતે આર્યાવર્ત્તનો દયાનો ઝરો સુકાતો હતો; અંધ શ્રદ્ધાની (ધર્માંધતા) ની વાટીકાઓ વિકાસ પામી રહી હતી, અને સાચી શ્રદ્ધાની વિભૂતિ ભરી વાટીકાઓ સુકાઇ જતી હતી તથા આત્મભાવનાનાં વિકાસીત વૃક્ષોનાં વનો ઉજ્જડ થઇ જતાં હતાં; અને આત્મ કલ્યાણનાં પુલકિત પુષ્પો પરાગવિહોણાં થઇ જતાં હતાં તે સમયે આર્યાવર્તના નંદનવનને આંગણે એક શ્રેષ્ઠતમ નવો માળી જાગ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુકાઇ જતા દયાના ઝરાને અહિંસાના મીઠા જલથી ભરવા, અંધ શ્રદ્ધાની ઝુંડીઓ ઉખાડી નાખી સાચી શ્રદ્ધાનાં બી વાવી વાટીકાને હરીયાળી બનાવવા; આત્મભાવના અને આત્મકલ્યાણનાં સુકાઇ જતાં વૃક્ષો તથા પુષ્પોને એ દ્વારા ફળોથી લચકતાં બનાવવા આર્યાવર્ત્તના નંદનવનને આંગણે એ નવો માળી જાગ્યો જન્મ્યો હતો.

**એ કોણ હતું ? જગત કૃપાળુ પ્રભુ મહાવીર દેવ.**

જે વખતે આર્યાવર્તનું અહિંસાનું વહાણ ભરદરીયે ડુબું ડુબું થઇ હીલોળે ચડયું હતું અને અંદરનો પથિકજન હાયવોયની ઉની ઉની વરાળની જવાળાઓથી બળી રહ્યો હતો, પ્રભુ ભજનની માળાઓ હાથમાંથી સરકી પડી લક્ષ્મી દેવીની માળા લેવા તડપાપડ થઈ રહ્યો હતો અને રક્ષણને માટે જેમ ચકોર ચંદ્રની વાટ જુવે; ચાતકબાળ જેમ મેઘરાજાની વાટ જુવે તેમ, કોઇ કુશળ નાવિકની મદદ મીટ માંડીને જોઈ રહ્યો હતો. આવા કટોકટીના મામલામાં એક કુશળ નાવિક આર્યાવર્તના દયાદેવીના ડુબતા વહાણને બચાવવા જન્મ્યો. એ કુશળ નાવિક પ્રથમ આત્મભોગના સુસવાટાથી પ્રતિકુળ પવનને અનુકુળ બનાવવા; સાચી આત્મશ્રદ્ધાના નવા સઢ ચઢાવવા અને ત્યારપછી અનુકુળ પવને " એ દયાદેવીના–આર્યાવર્તની દયાદેવીના તૂટુ તૂટુ થઈ ખરાબે ભરાઈ ચુરેચુરા થઇ જતા વહાણને બચાવવા આર્યાવર્તના દયાસાગરને તીરેજ. એ કુશળ નાવિકે જન્મ લીધો હતો.

**એ કોણ હતું આર્યાવર્તનો તારણહાર પ્રભુ મહાવીર દેવ.**

આર્યાવર્તનું આખુ શરીર–( દરેક દર્શનો. ) રોગ ગ્રસ્ત થયું હતું. સમ્યકત્વરૂપી તેની ભૂજાઓ બીનતાકાત બની ગઈ હતી. હિંસાથી તેનાં મસ્તકો ખાલી પડયાં હતાં, અસત્ય અને અબ્રહ્મચર્યથી તેના પાદયુગલો ભાંગી ગયાં હતાં. એવામાં એક નાડીપરીક્ષક આર્યાવર્તની કુખે પાકયો.

એ કુશળ નાડી પરીક્ષક વૈદ્ય આર્યાવર્તની નાડી પકડી, તેની સમ્યકત્વરૂપી નીર્બલ પડી ગયેલી ભૂજાઓને સાચી શ્રદ્ધારૂપી તામ્ર ભસ્મથી મજબુત બનાવવા તથા હિંસાથી ખાલી પડેલાં મસ્તકોને અહિંસાના મસ્તકો મુકવા અસત્ય અને અબ્રહ્મચર્યથી તેનાં ભાંગી ગયેલાં પાદ યુગલોને સાચું સત્ય તથા સુંદર બ્રહ્મચર્યથી અડગ મજબુત બનાવવા અને એવી રીતે આર્યાવર્તને–સમગ્ર આર્યાવર્તને નિરોગી બનાવવા, એ **કુશળ નાડી પરીક્ષક વૈદ્ય આર્યાવર્ત્તની** કુખે પાકયો હતો.

**એ કોણ હતું ? દયાના સાગર પરમ કૃપાળુ મહાવીર દેવ.**

જે વખતે આર્યાવર્તમાં ભૂદેવોએ અહિંસાના ખેતરોને વેરાન કર્યાં હતાં –કરી રહ્યા હતા–વેરાન થઈ રહ્યાં હતાં, તેમાં અશ્રદ્ધારૂપી ઝુંડ ઉગી ગયાં હતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને હિંસા રૂપી ઉંદરો તે ખેતરમાં ઉભરાઈ જતા હતા તથા આપ ખુદ સત્તા રૂપી કાંટાથી–કાંટાની વાડોથી તે ખેતરો મજબુત બંધાઈ ગયાં હતાં અને મિથ્યાત્વરૂપી **ખરો–ગધેડાં તે વાડ તોડીને અંદર જઇ બાકી રહેલ લીલા અહિંસાના કયારાને** ચરી જતા તે સમયે એક **કુશળ ખેડુત આર્યાવર્તના ખેતરને** લીલું છમ કરવા જન્મ્યો.

એ કુશળ ખેડુત તીવ્ર તપસ્યારૂપી હળથી ખેડી ખેતર**ને સાફ કરવા;** શાંતી રૂપી જળ રેડી તેને **ભીંજાવવા–રેલં છેલ કરવા;** અહિંસાના નીશાનથી ખેતરને ઉંદર વગરનું કરવા સ્વતંત્રતાના અભેદ્ય કિલ્લાથી તે ખેતરને રક્ષવા અને સમ્યકત્વરૂપી ટોળાથી તે મિથ્યાત્વ રૂપી **ગધેડાંને નસાડી** વાડામાં પુરાવનાર **એ કુશળ ખેડુત આર્યાવર્તના ખેતરે પાકયો હતો.**

એ કોણ હતું ? **અહિંસાનો બ્રહ્મા–વિધાતા મહાવીર દેવ.**

જે વખતે આર્યાવર્તમાં ભયંકર વિષધરો–ક્રોધ, માન, માયા; અને લોભરૂપી વિષધરો પોતાનું સામ્રાજ્ય વિસ્તારી પોતાના ભયંકર વિષ નીચે જગત્‌ને ચગદી રહ્યા હતા, એક તીક્ષ્ણ ઝેરી દ્રષ્ટિપાતથી જગત્‌ને ઘોર નિદ્રામાં ઘોરાવી રહ્યા હતા અને આર્યાવર્ત પણ એ વિષધરોના દંશ–ઝેરી દંશથી વિષયવિષના પાસલામાં ઝકડાઈ ભાન ભૂલી બેભાન બન્યું હતું, એ વખતે **એક નવો મંત્રવાદી મદારી–જાદુગર આર્યાવર્તને એ વિષધરોથી** ઉદ્ધારવા **પાકયો–જન્મ્યો. એ** જાદુગર દયા લાવી **ક્રોધ, માન, માયા અને લોભ રૂપી** વિષધરોથી ડસાયલા જગતને અક્રોધ–શાંતિ ( ક્ષમા ) અમાન–નમ્રતા અમાયા–સરલતા અને **અલોભ–સંતોષના પવિત્ર મંત્રેલાં વાગબાણો ( " વચનામૃત**–પ્રભુની વાણીમાં નર્યું અમૃત જ વરસતું હોય છે. " ) છોડાવવા અને એ રીતે તે જગત્‌ને નિર્વિષ બનાવવા; તથા જગત્‌ને **સનાતન ધર્મને માર્ગ**–સાચી **શાંતિ બક્ષી** જગતને નિર્વિષ બનાવવા **એ જાદુગર આર્યાવર્ત–વીર** ભારત **માતાની** કુખે **પાકયો હતો**–જન્મ્યો હતો.

એ કોણ હતું ? " એક એક શબ્દથી ત્રણ લોકને પોતાની વચનામૃત રૂપી મોરલીમાં મુગ્ધ કરી સાચે પન્થે વાળનાર પ્રભુ મહાવીર દેવ "

આ શું છે–હતું. આર્યાવર્તનો સિતારો; નવો માળી; કુશળ નાડી પરીક્ષક વૈદ્ય; કુશળ મહેનતુ ખેડુત અને ચાલાક મંત્રવાદી જાદુગર. જગદુદ્ધારક પ્રભુ મહાવીર દેવ. આજે ( ચૈત્ર શુદી ૧૩ ) તે જગત્‌માતા ત્રિશલાજીનો પનોતો પુત્ર જન્મ્યો હતો–હતા. આર્યાવર્તને અંધારામાંથી પ્રકાશમાં લાવવા કોઈ અનેરા સૂર્ય સમો સુકાઇ જતા નંદનવનને બહેકાવવા નવો દેવતાઇ માળી સમો, આર્યાવર્તના અહિંસાના ભાંગી જતા વહાણુને બચાવવા કુશળ નાવીક સરખો, રોગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આર્યાવર્તને નિરોગી બનાવવા કુશળ નાડી પરીક્ષક વૈદ્ય સમો, હિંસાથી વેરાન બનેલા આર્યાવર્તને–તેના ખેતરને લીલુંછમ ખેતર સરખું કરવા અનુભવી ડાહ્યા ખેડુત સમો અને વિષધરોના દંશને ઘોર નિદ્રામાં પડેલા આર્યાવર્તને નિર્વિષથી બનાવવા ચાલાક જાદુગર સરખો–એ પરમ કૃપાળુ મહાવીર દેવનો આજે જન્મ થયો હતો–છે.

એ આર્યાવર્તના સૂર્યને, માળીને, કુશળ નાવીકને, નાડી પરીક્ષક વૈદ્યને, ડાહ્યા ખેડુતને અને ચાલાક જાદુગર દુનીયાના તારણહાર એશીયાના અન્તિમ ધર્મ સમ્રાટ–ચક્રવર્તિ, શાંતિના સાગર અને અહિંસા મંત્રના બ્રહ્મા–વિધાતા પ્રભુ મહાવીર દેવને કોટીશઃ–ક્રોડ ક્રોડવાર અમારા વંદન હો અને સાથે સાથે તે આજના પુનિત દિવસ અને ઘડીને પણ અભિનંદન છે. ॐ શાંતિ.

ગીરનારની છાયામાં. } લે૦ મુનિશ્રી ન્યાયવિજયજી.

# શ્રીમન્મહાવીરનું આંતર જીવન.

માનવ જીવન સુખમાં હોય કે દુઃખમાં, જાગતું હોય કે સુતેલું, બહિરાત્મ અવસ્થામાં હોય કે અંતરાત્મપણામાં, વ્યાપારની ધમાલમાં હોય કે ધાર્મિક શાંતિમય જીવન પસાર કરતું હોય, પરંતુ મહાવીર પરમાત્માનો દિવ્ય જન્મ દિવસ વરસોવરસ આવવાનોજ. સૂર્ય ઉગે છે, અને અસ્ત થાય છે, ચંદ્રની કળા વૃદ્ધિ પામે છે અને ક્ષીણ થાય છે. કાળપ્રવાહ અપ્રતિહતપણે વહેતો જાય છે, તેમ લગભગ ૨૪૫૦ વર્ષો થયાં ચૈત્ર શુકલ ત્રયોદશી વીર જન્મનું નામ સ્મરણ કરાવતી આવે છે, અને આપણા આત્મપ્રદેશોને વિવિધ સ્પંદનો પ્રેરે છે. આપણને તેનું ભાન થાય કે ન થાય તોપણ તે પુણ્ય તિથિ દરેક વરસે આવવાની અને જવાની; પરંતુ જે મનુષ્યો આ મંગળમય દિવસે તેમના સદ્‌ગુણો અને સ્વાશ્રયનો વિચાર કરી–યાદ કરી આત્માને ઉન્નતિ ક્રમમાં મુકવાનો પ્રયાસ કરે છે તેઓએજ તે પુણ્ય તિથિ સાર્થક કરી ગણાય. જન્મથી માંડીને મુકિત પર્યંત ઉત્તમ કોટિના મનુષ્ય તરીકે, વિશાળ ધર્મ પ્રવર્તક તરીકે, પ્રાણી સેવાના ઉચ્ચ કર્તવ્યના પાલક તરીકે, દીનજનો ઉપર કરૂણાવાન્ તરીકે, કર્મ ઉપર તીક્ષ્ણતા અને વૈરાગ્ય રસને પોષનાર શાંતતા–એ ઉભય ભાવોને પોષનાર તરીકે મહાત્મા વીર પ્રભુનું અસાધારણ જીવન શું એકદમ નિષ્કારણ મળી ગયું હતું ? નહિજ. દરેક આત્માની તેના આસપાસના સંયોગો તથા તેની આત્મ ભૂમિકાનો ઉત્ક્રાંતિક્રમ ( Shago of evolution )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. પાશ્ચાત્ય ડાર્વિન જે રીતે ઉત્ક્રાંતિવાદ ( Theory of evolution) માને છે, તેથી જુદાજ દૃષ્ટિબિંદુએ જૈનદર્શન માને છે. ડાર્વિન્ જ્યારે એમ માને છે કે પ્રગતિ પામેલો આત્મા ફરીથી નીચે ઉતરતોજ નથી, ત્યારે જૈનદર્શનમાં એમ કહેવામાં આવ્યું છે કે એક આત્મા અમુક ગુણોની પ્રાપ્તિવડે ઉચ્ચ ભૂમિકાએ ચડયો, પરંતુ તે ભૂમિકાને યોગ્ય આત્મ પરિણામ બદલાઇ જતાં તે ભૂમિકાથી ઉતરીને અધ:પતન પામે છે. પરંતુ તે સાથે એ પણ છે કે તે ભૂમિકાના સંસ્કારો વહેલાં મોડાં તેના પરિપાકકાળે એકદમ ઉગી નીકળે છે અને આખરે તેને ઉચ્ચ ભૂમિકા ઉપર લાવે છે. વસ્તુસ્થિતિ આમ હોઇ આપણે મહાત્મા વીર પ્રભુના પ્રસ્થાન બિંદુ ( Starting Point ) તરફ વિચાર કરતાં તેમના પ્રસ્તુત ભવથી સત્તાવીશ ભવ પહેલાં તેમણે સમ્યકત્વ ગુણ પ્રાપ્ત કરી વિશિષ્ટ પ્રકારનો આત્મ વિકાસ અનુભવ્યો. આ સમ્યકત્વ ગુણ જ્યાં સુધી પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી કોઇપણ પ્રાણીની જન્મ સંખ્યા ગણાવા લાયક થતી નથી. સમ્યકત્વ પ્રાપ્ત થયા પછી પ્રાણી મુક્તિનો મર્યાદાવાળા વર્તુલમાં પ્રવેશ કરે છે.

જેમ બુદ્ધનું જીવન પ્રથમના જન્મોમાં સત્ય અહિંસા વિગેરે દશ પારમિતાના અભ્યાસના ફળ રૂપ હતું; તેમજ શ્રી મહાવીરનું પરમાત્મા તરીકેનું જીવન સત્તાવીશ ભવોમાં જિનભક્તિ, તપશ્ચરણ, દયા, અને પંચ મહાવ્રતોના પાલનના પરિણામરૂપ હતું તેથીજ શ્રી ઉમાસ્વાતિ વાચકે **भावित भावो भवेष्वनेकेषु** એ વિશેષણથી તેમને સંબોધ્યા છે. રાજકુમાર નંદના ભવમાં રાજ્યલક્ષ્મીનો ઇચ્છાપૂર્વક ત્યાગ કરી ઉગ્રતપ કરી તીર્થંકરપદ પ્રાપ્તિ માટે શુભ કર્મદળ એકઠું કર્યું. એ રીતે દ્રવ્ય અને ભાવથી વૃદ્ધિ પામતાં દેવ તથા મનુષ્ય ગતિના સુખો અનુભવતાં તેમજ તેથી અલિપ્ત રહી આત્માનો ઉત્ક્રાંતિ ક્રમ સાધતાં છેવટે વીર પ્રભુના ભવ સુધી પહોંચ્યા.

અંતરંગ લક્ષ્મીથી સમૃદ્ધ થયેલા શ્રી મહાવીરના આત્માએ નંદ રાજકુમારના જન્મમાં ' સવિ જીવ કરૂં શાસન રસી ' એ ભાવનાને સર્વાંગે પોષણ આપ્યું હતું અને એજ ભાવનાએ પ્રચંડ પુણ્યના મહાસાગર રૂપ તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું હતું. આ ભાવનાબીજનો વૃક્ષરૂપે પ્રાદુર્ભાવ તેમના તીર્થંકરના ભવમાં થયો. જન્મથીજ આ ભાવનાનો સંયોગ આત્મા સાથે એવો અવિચળ હતો કે અને એવા વિચારોનો ઉદ્દભવ કરાવતો હતો કે ક્યારે સંયમગ્રહી, ઘોર ઉપસર્ગોને સહન કરી, જગત્‌ના સર્વ પ્રાણીઓનો સંસાર દાવાનળના તાપમાંથી ઉદ્ધાર કરી–શાંતિ આપી સન્માર્ગમાં સ્થિર કરૂં ! જ્યારે મનુષ્યના વિચારો નિર્દોષ હોય છે તેની પ્રવૃત્તિ પ્રાણીઓના સમાગમમાં હરેક રીતે આવી સ્વાર્થ રહિતપણે તેમના હિતમાંજ લય પામતી હોય છે, અને તેના હૃદયબળમાં અપૂર્વ ઓજસનો સંગ્રહ થયેલો હોય છે ત્યારે આ ત્રિપુટીના ઐકય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંથી અવશ્ય એના હિતકારી વિચારોનું આચારરૂપે-સ્થૂળ સ્વરૂપે દૃષ્ટિગોચર થાય છે. અને એ ફળનો આસ્વાદ લેવા ભાગ્યશાળી બને છે તેવી જ રીતે શ્રી વીરપરમાત્માએ જગતના પ્રાણીઓ ઉપર અપૂર્વ ઉપકાર કરી એ ફળ પ્રાપ્તિથી થતો આનંદ અનુભવ્યો હતો. રંકથી રાય પર્યંત, કીટથી મનુષ્ય પર્યંત, અને એકેંદ્રિયથી પંચેંદ્રિય પર્યંત-એ સર્વનો ઉદ્ધાર કરવાની બુદ્ધિ ઉદ્ભવવી એ માનવ જન્મનું સરલ રહસ્ય નથી કિંતુ એ રહસ્ય શ્રમપ્રાપ્ય હોવાથી વિરલ મનુષ્યો તે પ્રાપ્ત કરે છે. ચર્મદૃષ્ટિ વિષયને અગોચર એવી જ્ઞાનદૃષ્ટિ તત્વ સ્વરૂપે પ્રાપ્ત થવાથી પોતે સંસારના સર્વ પ્રાણીઓને ભયંકર દુઃખના કારાગારમાં સબડેલા જોતા હતા, અને તેથી જ તેમનો ઉદ્ધાર એમની કરૂણાદૃષ્ટિ ઇચ્છતી હતી. સર્વનો ઉદ્ધાર કરવાની ભાવના-આદર્શ વિશાળ પ્રમાણમાં હોઈ શકે; પરંતુ એ ઉદ્ધારની ક્રિયા કાળ સ્વભાવાદિની પરિપક્વતારૂપ પાંચ કારણોને આધીન હોઈ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવના અનુસારે કાર્ય સાધક થાય છે; તેથી જ શ્રી પ્રભુ તેમની વિશાળ ભાવનાના પ્રમાણમાં ઉદ્ધાર ક્રિયા અમુક મર્યાદામાં સફળ કરી શક્યા છે.

વૈરી ઉપર દ્વેષ નહિ કરવો તે કરતાં ઉપકારી ઉપર રાગ નહિ કરવો. એ આપણી દૃષ્ટિએ વિશેષ કઠિન લાગે છે. છતાં ઉભય પ્રસંગોમાં તેઓ સમાન જોતા. એમની વિવેક દૃષ્ટિ સત્ય જ્ઞાનવડે વીર્યમતી બની હતી. જન્મથી જ તેઓ બહિરાત્મભાવની કોટિમાં રહેલા પ્રાણીઓની મર્યાદાથી દૂર હતા; એટલે કે તેઓ અંતરાત્મ દૃષ્ટિવાન્ જન્મથી હતા. ખાવું પીવું, ભોગમાં નિમગ્ન થવું, પૌદ્ગલિક રાગોથી રાજી થવું. તેમજ અનિષ્ટ સંયોગથી ખેદ કરવા. વિગેરે ક્રિયાઓ આત્માની નથી. કિંતુ દેહ ધર્મયુક્ત પૌદ્ગલિક ક્રિયા છે. તેમજ માતા, પિતા, પુત્ર, સ્વજન, કલત્ર, મડેલ, વાડી વિગેરેનો સંબંધ ક્ષણિક છે; આત્માને તેની સાથે કાંઈ લાગતું વળગતું નથી. માત્ર વ્યવહારથી સ્વત્વનું તેમાં આરોપણ થયેલું છે. એ સત્યને યથાર્થ સમજવાથી તેમની વિવેક દૃષ્ટિ વિશાળ બની હતી. તે સાથે જ બીજી બાજુએ તેમની માતા પિતા તરફની અપૂર્વ ભક્તિ, મિત્ર રાજકુમારો સાથે રમવાનો સહયોગી પ્રેમ, વડીલ બંધુ નંદિવર્ધન તરફ આજ્ઞા પાળકપણું વિગેરે તેમના પ્રેમના અનેકવિધ દૃષ્ટાંતો પુરા પાડે છે. આ રીતે પ્રેમ અને વૈરાગ્ય એ ઉભય વૃત્તિઓને એક જ આત્મામાં પોષણ આપવા જેટલી સ્યાદ્વાદ દૃષ્ટિ અથવા અપૂર્વ સામર્થ્ય વિકાસ પામ્યાં હતાં.

આ બધું છતાં તેમનું દૃષ્ટિબિંદુ (Point of view) જગતના સમગ્ર પ્રાણીઓના હિત તરફ ઢળતું હોઈ તેમનો આત્મા વૈરાગ્યથી વાસિત હતો. મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્યાદિ ચારે ભાવનાઓ એમના આત્મામાં વ્યાપક બની હતી. પૂર્વ જન્મના ગાઢ પરિચિત સંસ્કારોએ એમની ઉદાર ભાવનાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોષણ આપ્યું હતું. એમનું લક્ષ્ય એવું સચોટ હતું કે સંસારમાં અનેક લાલચો ( Temphations ) સન્મુખ રહી આકર્ષણ કરતી હોવા છતાં, રાજકુળમાં અસંખ્ય શ્રેષ્ઠ ભોગ સામગ્રીઓ હોવા છતાં, સ્નેહી જનો સંયમ ગ્રહણ કરાવવામાં સ્નેહથી ખેંચાઇ વિઘ્ન રૂપ થવા છતાં અડગપણે વિવેકદષ્ટિને આગળ કરી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ વિસ્તારવાળી કરવા માંડી હતી.

સુમેરૂ ચલિત કરવા જેટલું વીર પ્રભુમાં સામર્થ્ય હોવા છતાં **क्षमा वीरस्य भूषणम् ।** એ ન્યાયે તેઓ અપ્રતિમ ક્ષમા પ્રાણાંત ઉપસર્ગોમાં પણ રાખી શકતા હતા. દીક્ષા પછી લગભગ છ માસ પર્યંત ઉપસર્ગ કરનાર સંગમદેવે સાનુકુળ અને પ્રતિકુળ ઘોર ઉપસર્ગો કર્યા પછી શ્રી પ્રભુ વિચાર કરે છે કે 'આ બહુલ સંસારી પ્રાણી મારા નિમિત્તવડે અનેક ભવોમાં દુર્ગતિનો અધિકારી બન્યો છે!' એને એ વિચારોથી નેત્રમાં કરૂણા રસના અશ્રુઓ જ્યારે દેખાય છે ત્યારે તેમની ક્ષમાની અવધિ છે. અન્ય પ્રસંગે ચંડકૌશિક સર્પને ઉપકાર દૃષ્ટિએ પ્રતિબોધ પમાડવા તે ઉત્કટ વિષવાળા સર્પની સન્મુખ વનમાં જાય છે તે વખતે તે સર્પ પૂર્વ જન્મના ક્રોધના સંસ્કારથી વીર પ્રભુને ડસવા તૈયાર થાય છે અને ડસે છે. છતાં પ્રભુના પ્રત્યેક અણુમાં શાંતિ વ્યાપેલી હોવાથી તે સર્પ પણ ક્રોધરૂપ વિકારને તજી હંમેશને માટે શાંત બની જાય છે.

શ્રી પરમાત્મા પોતે ગ્રહણ કરેલો માર્ગ નિર્વિઘ્ન કરવા અન્ય દર્શનીઓની મિથ્યા માન્યતા ઉપર તિરસ્કાર કે આવેશ ધારણ કરતા નહોતા. તેઓ પોતાની પાસે આવનાર મનુષ્યો પાસે સત્ય હકીકત રજુ કરી ઊંડા સત્યોને સમજાવી અસત્યનું ભાન કરાવતા હતા. શ્રી ગૌતમસ્વામી એક વખત વેદના અંગોના પરિપૂર્ણ જ્ઞાનવાળા હતા, તેઓ અભિમાન પૂર્વક પ્રભુ સાથે ચર્ચા કરવા આવ્યા. શ્રી પ્રભુએ તેમને મધુરસ્વરથી બોલાવી મનના સંશયોનું તે વેદવિહિત વચનદ્વારા નિરાકરણ કર્યું અને સત્ય સ્થિતિ પોતાની મેળેજ સમજાય તેવો સંયોગ સાધ્યો. એ હૃદય કેટલું વિસ્તીર્ણ હતું તે સુચવવા માટે પુરતું છે. આવા પ્રકારની ઉપદેશ શૈલીનેજ તેમણે વારંવાર ગ્રહણ કરી પોતાનો મંગલ હેતુ સિદ્ધ કર્યો હતો. 'પર પરિણતિ અદ્વેષ પણે ઉવેખતાં' એ વાકયજ એમ બતાવે છે કે દ્વેષ દૃષ્ટિને એમની પાસે આવકાશ નહોતો. તેઓ અઢાર દોષ રહિત હોઈ ત્રિભુવનમાં "દેવાધિદેવ કહેવાયા છતાં અન્ય વ્યક્તિઓને હલકી માનવા જેટલું તેમનું હૃદયબળ તુચ્છ ન હોતું, અથવા અભિમાન વૃત્તિનો સદંતર નાશ કરનાર–એવા એમને માટે એવી તુચ્છ વૃત્તિના વિચારનો સંભવ પણ કેમ હોય ! તેથીજ આપણા જેવા પ્રાકૃત પ્રાણીઓથી બોલાઇ જવાય છે કે

**'सतां केनोद्दिष्टं विषममसिधाराव्रतमिदं"**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી વીરનો ઉપદેશ અને તે ઉપદેશનો અક્ષર દેહ—શાસ્ત્રો દુનિયાને શાંતિમાં પરિણામ કરાવવા અર્થે છે. પ્રાણીઓના વિકારોને શાંત કરી હૃદયને ઉન્નત બનાવી તેઓ આ સંસારની આધિ વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થઇ આત્મજ્ઞાન રૂપ બળ પ્રાપ્ત કરે, ગમે તેવા વિકટ પ્રસંગોમાં મુંઝાવાનું ભુલી જઈ સમતા અને વિરૂદ્ધ આચરણમાં મગ્ન રહેવાનું શીખે અને સ્વકર્તવ્ય પરાયણ રહી સ્વાવલંબન ( self reliance ) ના ઉચ્ચ સિદ્ધાંતનું પાલન કરે.

શ્રી મહાવીરના પુણ્ય સંચયે તેમનું બાહ્યજીવન આશ્ચર્યકારક સ્વરૂપમાં ઘટમાન કર્યું હતું. તેમની સુવર્ણવર્ણ દેહલતા, વજ્રઋષભનારાચ સંઘયણ, અને સમવસરણ ગત ભવ્ય સિંહાસનાદિ સમૃદ્ધિઓ દેવોની સતત હાજરી અને સ્વયંસેવા વિગેરેએ જગત્‌ને આશ્ચર્ય મુગ્ધ કર્યું હતું. જો કે પોતે તો આટલી બધી બાહ્ય સમૃદ્ધિ વચ્ચે રહેવા છતાં જલ પંકજની પેઠે ન્યારા હતા—વિશાળ જ્ઞાન દ્રષ્ટિમય જીવન હતું. આ રીતે અને આંતર જીવનની સમૃદ્ધિઓનો એક સમયાવચ્છેદે ભોગવટો કરનાર પરમાત્મા તરીકે આ પૃથ્વી પીઠ ઉપર તેમનું આવતાર કૃત્ય છે.

એમની દેશના સાંભળતાં ક્રોધી મનુષ્યનો ક્રોધ વિલય પામે છે, ગર્વિષ્ટ મનુષ્યોનું માન ગળી જાય છે કપટી મનુષ્યોની વક્રતા ટળી જાય છે, અને લોભ અદ્રશ્ય થઇ સંતોષ પ્રકટે છે; કર્મના આવેગ તરફ તીક્ષ્ણતા અને સંગમદેવ તરફ કરૂણા એ ઉભય પરસ્પર વિરોધી ભાવોને ગંભીરતાથી સાચવનાર શ્રી મહાવીરે આર્યજનતાને વૈદિકકાળમાં યજ્ઞ યાગાદિદ્વારા પશુઓની હિંસામાં અનુરકત હતી તેને **अहिंसा परमो धर्मः** નો ઉચ્ચ સિદ્ધાંત સમજાવી ભૂતદયા તરફ વાળી આત્મપરાયણ કરી ભોગ અને ત્યાગ, ગૃહસ્થાશ્રમ અને યોગિપણું, પ્રવૃત્તિ અને નિવૃત્તિ, જ્ઞાન અને ક્રિયા, ભક્તિ અને વૈરાગ્ય એ તમામ દ્વંદ્વોનાં સ્થાન નક્કી કર્યાં. લોકમાન્ય તિલક પણ વૈદિક ધર્મ ઊપર 'અહિંસા પરમો ધર્મઃ' ની સચોટ અસર કરનાર તરીકે શ્રી મહાવીરને બુલંદ અવાજે કબુલ કરેલા છે.

જગતના મનુષ્યો તરફ વિશાળ દ્રષ્ટિબંદુ (Comprehensive sight fulness ) વાળા વિરાટ્ સ્વરૂપ પરમાત્મા મહાવીરની માત્ર ઝાંખી આપણે કરી શકી એ તેમણે માત્ર શરીર ઊપર નહિ, પ્રજા ઉપર નહિ, મન ઉપર નહિ, તેમજ હૃદય ઉપર નહિ પરંતુ આત્મા ઉપર સામ્રાજ્ય મેળવ્યું હતું અને ' જિનવરમાં સઘળા દર્શન છે, એ વચનોદ્વારા સર્વાંગે વિશાળ જીવન જીવ્યા હતા. એમનું જીવન આ જમાનાના પ્રાણીઓને લાભકારક થાય તે ખાતર વિવિધ દ્રષ્ટિબિંદુઓથી ' બુદ્ધલીલા સારસંગ્રહ ' જેવા પુસ્તકની શૈલિ અનુસારે સાક્ષરો તરફથી લખાય તો આર્યજનતાને પરમાત્મા મહાવીરના સર્વગ્રાહી જીવનની સમજ પડે તેમજ પરમાત્મા મહાવીર માત્ર સંસારની અસારતા રૂપ વૈરાગ્ય મય જીવન જ જીવ્યા હતા એવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાંત આક્ષેપ કરનારા મનુષ્યોને ખ્યાલ આવે કે 'તેમનું જીવન અનેક દષ્ટિબિંદુઓથી પરિપૂર્ણ મહાસાગર જેવું હતું, જેથી પૌર્વાત્ય તેમજ પાશ્ચાત્ય મનુષ્યો તેમના જીવનના વિવિધ પ્રસંગોવડે આત્મ શ્રેય સાધી શકે.

ફતેહચંદ ઝવેરભાઇ.

# શ્રીમાન્ મહાવીર પ્રભુના દુઃખ–ઉપસર્ગમય પ્રસંગો વિષે ઉદ્દભવતા વિચારો.

જ્યારે જગત્‌પર મહાપુરૂષના અભાવે અંધકાર પ્રસરે છે, મનુષ્યની વૃત્તિઓ વધારે ખરાબ થતી જાય છે, ત્યારે કોઇ મહાપુરૂષનો જન્મ થાય છે, અને અનેક જીવોનો ઉદ્ધાર કરી અનેકને માર્ગપર લાવે છે. મહાવીર પ્રભુના સમયમાં પણ ઘણા અવનતિ પામેલા મનુષ્યો કે જેને જોઇને દયા ઉપજે તેઓનો વીરપરમાત્માએ ઉદ્ધાર કરેલ છે. ત્રીશ વર્ષ સુધી પોતાના બાકી રહેલ કર્મ ખપાવવામાં જેને ઉપસર્ગો થયા, તેના કરનારનું અને જોનારનું વીરભગવાને કલ્યાણ કરવામાં પોતાની અપૂર્વ દયા બતાવવામાં ખામી રાખી નથી.

મહાવીર પ્રભુના દુઃખો.–ઉપસર્ગોના સઘળા પ્રસંગો ખુલ્લી રીતે મનુષ્ય જીવનના ઉદ્ધારમાં અનેક રીતે સહાયક હતા અને છે, કારણકે જે પ્રસંગો શાસ્ત્રદ્વારા આપણે જાણીયે છીયે તે છુપા ભવિષ્યનું અને ન કહી શકાય તેવું સુચન કરનારા છે; જે આપણા હૃદયમાં જરૂર એવી છાપ બેસાડયા સિવાય નહી રહે કે ઘણા દુઃખો સહન કર્યા સિવાય, કર્મ ફળ ભોગવ્યા સિવાય કર્મથી મુકત થઇ શકાતું નથી. તેથી કરીને ગમે તેવા અસહ્ય દુઃખના પ્રસંગે પણ મહાવીરના જીવનને યાદ કરતાં એક જાતનો અપૂર્વ દિલાસો મનુષ્યને મળે છે અને દુઃખની કિંમત શી છે તે તેમના જીવનમાંથી મળી શકે છે.

જે ઊચ્ચ દશામાં વીર પરમાત્માએ નૈતિક અને અધ્યાત્મિક મહાત્મ્યનું વાતાવરણ ફેલાવ્યું હતું, જે પવિત્ર અને દૈવિક વિચારના આંદોલનથી જગતનો અંધકાર દૂર કર્યો હતો, તે ખરેખર આશ્ચર્ય પમાડે તેવું હતું અને નાસ્તિકોથી ન માની શકાય તેવું અપૂર્વ હતું. અનેક ઊપસર્ગો દુઃખો સહન કર્યા, છતાં તેમની શકિતએ તેનો પ્રતિકાર કરવાને બદલે કરનારનો ઊદ્ધારજ કર્યો તેવા વીર પરમાત્માના ઊત્તમ ચરિત્રનો કોણ પાર પામી શકે તેમ છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીર પરમાત્માએ દુઃખો અને આત્મભોગ, મનુષ્ય પ્રત્યે પ્રેમની લાગણી બતાવવા માટેજ સહન કર્યા નહોતા. તે એવા મનુષ્ય નહોતા, કે જેનો તોલ કર્યા વગર અને પરિણામ જાણ્યા વગર તેમણે સહન કીધા હોય ? પ્રભુ સારી રીતે જાણતા હતા કે કર્મ નષ્ટ કરવાને અને તે નિમિત્તે મનુષ્ય જાગૃત રહે તેટલા માટે મારે અવશ્ય દુઃખો સહન કરવાંજ જોઇએ.

તે પ્રસંગોએ ભવિષ્યની સઘળી ધાસ્તીઓ તાદ્રશરૂપે તેના સન્મુખ છતાં, તેઓ જે જ્ઞાનમાં સંપૂર્ણ હતા, તેમ તે દુઃખોભોગવવાના નિશ્ચયમાં પણ તેટલાજ દ્રઢ હતા. કોઈ પણ યુદ્ધની ઊશ્કેરણીમાં મનુષ્યનું વીર્ય બળ ઘણી વખત ઘણાજ શુરવીરતાના કામો કરે છે; પરંતુ તેને જો તેના માઠા ભવિષ્યની ખબર આપવામાં આવે તો તે જરૂર પોતાનું પરાક્રમ બતાવવા જશે નહીં, પરંતુ મહાવીર પ્રભુ કે જેમણે એકવીશ હજાર વર્ષ સુધી જેનું શાસન જયવંતુ રહે તેને માટે ઉંડા પાયા નાખેલા છે. તેમણે તો ઘોર અંધકારના મહા સાગરમાંથી પસાર થઇને ગમે તેવા ભારે તોફાનો અને ધાસ્તીઓ જાણતા છતાં વિખેરી નાંખ્યા છે. તેમના આત્મા ઊપર દુઃખ રૂપી મહાસાગરના ગમે તેટલા પાણી ચઢી આવ્યા છતાં એક પગલું પણ પાછા હઠયા નથી. પાપ કર્મના માઠા પરિણામના ભયંકર દ્રષ્ટાંત અને જેઓ પોતાના પાપ કર્મના ઘોર પરિણામને માટે બેદરકાર અને નાસ્તિક મનુષ્યો હોય તેની મૂર્ખાઈ ભરેલ ધાસ્તી વીર પરમાત્મા દુઃખ સિવાય બીજે કયે સ્થળેથી મળી શકે તેવું છે ? વીર પ્રભુને થયેલ મહાન ઊપસર્ગો અને અસહ્ય દુઃખો સહન કરવા પડયા તે જોઈ જાણીને દરેક પ્રાણીને એમ સહજ વિચાર થશે કે આપણા પણ શું હાલ થશે ?

હમેશાં પાપ કર્મના વાતાવરણથી ઘેરાયેલા એવા આપણે તેના માઠા ફળનું ચોકસ પ્રમાણ કરી શકીએ નહીં, પરંતુ આપણી વચ્ચે મહાવીરજીનેશ્વરે મનુષ્ય જીવન ગાળી, પાપ કર્મના ઘોર દુઃખોનો આપણને ખ્યાલ આપ્યો છે અને જ્યારે આપણે શ્રી વીર પ્રભુને તે દુઃખોના પ્રસંગોમાં જોઈએ ત્યારે આત્માની સ્થિતિ વિષેની કમકમાટ ભરેલી લાગણી આપણને શું નથી થતી ? મનુષ્ય પાપના ભવિષ્યના પરિણામને જોઈ શકતો નથી તેમજ તેનું ચોકસ પ્રમાણ પણ કાઢી શકતો નથી પરંતુ વીર પ્રભુએ તો પોતાના આત્મા પરનો અંધકાર અજ્ઞાન રૂપી કાળો પડદો કાઢી નાંખ્યો હતો જેથી ભવિષ્યના છુપા ભેદો જોઇ શકયા હતા.

વીર પ્રભુના ઊપસર્ગો વખતની ત્રાસજનક સ્થિતિને અને કર્મ શત્રુના તેના પર થયેલા અતિશે કોપાગ્નિને જ્યારે પ્રાણીઓ જુએ છે, ત્યારે તે પરથી કયા પાપ યુકત મનુષ્યને દયા અને દુઃખની લાગણીથી પોતાના ભવિષ્ય માટે ચિંતા નહીં થતી હોય ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે મહાત્મા વીર પ્રભુના કાનમાં ખીલા ઠોકાયા અને એકજ રાતમાં ઘોર બાવીશ ઉપસર્ગો થયા ત્યારે કુદરત પોતાની સુંદરતા પણ તજી ગઈ હતી; તે વખતે કયા પાપભીરૂ મનુષ્યને કર્મ શત્રુની ભયંકર યાતનાનો વિચાર નહીં આવ્યો હોય ? એટલું તો નિશ્ચય પૂર્વક જણાય છે કે મહાવીર પ્રભુના જીવનમાંથી પાપ કર્મનું જે ભયંકર પ્રયાણ અને જે ભયંકર દુઃખોની ધાસ્તીની ખાત્રી વિષે કલ્પના થઇ શકે છે તેટલી બીજી કોઈ સ્થળેથી થઇ શકે તેવું નથી.

વીરપરમાત્માએ પોતાના સઘળા દુઃખો આગળથી જાણ્યા હતા અને જે દુઃખો તેમને ભોગવવાના હતા તેને માટે શરૂઆતથા તેના વિચારો ચાલુ હતા. એટલા ઉપરથી સહજ સમજી શકાય છે કે મનુષ્યને મોક્ષ પણ કેટલા ભોગ આપ્યા પછી થઇ શકે છે.

વીરપ્રભુએ પોતાના સઘળા દુઃખો સહન કરી મોક્ષ મેળવ્યાને આજે ૨૪૫૦ ચોવીસેંહ પચાસ વર્ષ થયા છે છતાં તેમનું આલંબન મનુષ્યને કાંઈ ઓછું બળ આપે તેમ નથી. જાણીતા દુઃખોથી દઢ રહી અને જગતના મનુષ્યો જે દુઃખોથી નાશી છુટે તેવા દુઃખોની સામે થઇ, વીરપરમાત્માએ અનંત સુખી જીવન (મોક્ષ) મેળવી દરેક મનુષ્યને મોક્ષ કેમ પ્રાપ્ત થાય? તે પોતાના જ ઉદાહરણથી બતાવી આપ્યું છે. મનુષ્યના આત્માની મુક્તિ માટે આ કરતાં વધારે સારૂં દૃષ્ટાંત બીજે કયાંય મળી શકે તેમ નથી. વીરપરમાત્માના વચનોના આધારે અને તેમના જીવનના માર્ગમાં ચાલતાં તમો જરૂર મુક્તિનો સરલ માર્ગ શોધી શકશો. તેમના પ્રત્યે અપૂર્વ ભક્તિભાવ અને શ્રદ્ધાથી આપણી સઘળી મુશ્કેલીઓ દૂર થશે. ગમે તેવા દુઃખો સહન કરવા શક્તિમાન થશું અને તેમ કરતાં દુઃખોનો પણ હંમેશને માટે અંત આવશે. વીરપ્રભુની જયંતી ઉજવવાનો હેતુ મનુષ્યોનો આજ હોવો જોઈએ.

પાપથી મુક્ત થવા જે આત્મા ચિંતાતુર હશે, તે પોતાના પાપો ખુલ્લા કરી મહાવીર પ્રભુ પ્રત્યે ભક્તિભાવથી ( સ્તુતિ દ્વારા ) આજીજી કરી દિલાસો મેળવી શકશે.

આપણા ગમે તેવા ઘોર પાપ હશે, ગમે તેવી વર્તમાન દુઃખી સ્થિતિ હશે, તેમાં મહાવીર દેવનું જીવન યાદ કરવાથી આપણને જે દિલાસો અને જે ધીરજ મળશે તેવો બીજા કોઈના તરફથી મળી શકશે નહીં.

વીરપ્રભુ આપણાથી ઘણા દૂર અને અદૃશ્ય છે, છતાં તેમના પરમાત્મ સ્વરૂપના પ્રભાવથી આપણો શ્રદ્ધાળુ આત્મા પરમાત્માને પામ્યા સિવાય રહેશે નહીં, રહેતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇપણ મનુષ્ય ગમે તેવો પાપી, પશ્ચાતાપ વગરનો નાસ્તિક હશે તો પણ જો વીરપ્રભુ પ્રત્યે શુદ્ધ પ્રેમ ભક્તિથી શ્રદ્ધાવાળો થશે અને પોતાના જીવનના ઉદ્ધારનો આધાર તેઓને જ, ગણુશે તો આજે પણ તે મનુષ્ય તેમના જેવા થવાનો માર્ગ તેમની ભક્તિથી મેળવી શકશે. જ્યારે વીરપ્રભુ આપણા જેવા મનુષ્ય થઇ આપણામાં વિચરતા હતા ત્યારે પરોપકાર બુદ્ધિથી, રાગદ્વેષ વગર અનેક જીવોનો ઉદ્ધાર કરવા શક્તિમાન થયા હતા, અને જ્યારે વધારે તેઓ સિદ્ધ પરમાત્મા થયા છે ત્યારે શું આપણો ઉદ્ધાર કરવા શક્તિમાન નથી ? તેઓ અનંતજ્ઞાન દર્શન ચારિત્રરૂપ શક્તિવાળા છે અને તેનો લાભ જેઓ લે છે તેને મળી શકે છે. અને તેમના આલંબનથી આજે અનેક જીવો મોક્ષ માર્ગમાં જતા દેખાય છે તો આપણે પણ શું તેમનું આલંબન ન લેવું જોઇએ ?

વીર ભગવાનના અપૂર્વ જીવન અને અનંતશક્તિ વિષે કાંઇપણ શંકા લાવવી તે મૂર્ખાઈ છે. જેથી મહાવીર પ્રભુના જીવનને આપણી નસેનસમાં રાખી અને મહાવીર દેવને જ આધાર રૂપ ગણીયે તો જ આપણી અને પરમાત્માની સ્થિતિ વચેનો અંતર આ જગતમાં કોઈપણ રીતે રહેશે નહીં અને છેવટે શ્રી મહાવીર પ્રભુનું મહાવીરપણું અને આપણું ; મહાવીરપણું એક રૂપ થશે એ નિશ્ચય છે. મહાવીર પરમાત્માના ઉપસર્ગો અને દુ:ખમય પ્રસંગો વિષે ઉપર પ્રમાણે વિચારો કરવા, તેમના વચન ઉપર શ્રદ્ધા રાખવી તેમના જીવન પ્રમાણે ચાલવું તેજ શ્રી મહાવીર દેવની જયંતીનો હેતુ ગણી તે રીતે જયંતી ઉજવવી જોઈએ.

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.

# વર્તમાન સમાચાર.

## જૈન શ્વેતામ્બર મૂર્તિ પૂજક વિદ્યાર્થીઓને સુચના.

" **શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ**—હાઇસ્કુલમાં અભ્યાસ કરવા ઇચ્છનારા નર્સીંગ, કળા કૌશલ્ય દેશીવૈદક, રાષ્ટ્રિય શિક્ષણ. હિસાબીજ્ઞાન વગેરે માધ્યમિક અભ્યાસ કરવા ઇચ્છનાર મદદને અભાવે કેટલીક અભ્યાસ કરતા અટકી પડે છે, તેમને જરૂર પુરતી આર્થીક સહાય લોન રૂપે આપવામાં આવશે. સહાય લેવાં ઇચ્છનારે અરજીપત્રક નીચેની શીરનામે લખી મંગાવી લેવું.

ગોવાલીયા ટેંકરોડ,
મહાવીર વિદ્યાલય-મુંબઇ.

મોતીચંદ ગિરધરલાલ કાપડીયા.
સેક્રેટરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आ सभा तरफथी प्रसिद्ध थयेला–संस्कृत, मागधी अने भाषांतरना ग्रंथो.

| | | |
|---|---|---|
| ×१ | समवसरणस्तवः | ०–१–० |
| ×२ | क्षुल्लकभवप्रकरणम् | ०–१–० |
| ×३ | लोकनालिका | ०–२–० |
| ×४ | योनिस्तवः | ०–१–० |
| ×५ | कालसप्ततिका | ०–१–६ |
| ×६ | देहस्थितिस्तवो लघ्वल्पबहुत्वं च | ०–१–० |
| ×७ | सिद्धदण्डिका | ०–१–० |
| ×८ | कायस्थितिस्तवः | ०–२–० |
| ×९ | भावप्रकरणम् | ०–२–० |
| ×१० | नवतत्वप्रकरणं (भाष्यविवृत्तिसमलंकृतम्) | ०–१२–० |
| ×११ | विचारपञ्चाशिका | ०–२–० |
| १२ | बन्धषट्त्रिंशिका | ०–२–० |
| १३ | परमाणुपुद्गल-निगोदषट्त्रिंशिका | ०–३–० |
| १४ | श्रावकव्रत भङ्गप्रकरणम् | ०–२–० |
| १५ | देववन्दनादि भाष्यत्रयम् | ०–८–० |
| १६ | सिद्धपञ्चाशिका | ०–२–० |
| १७ | अन्नायउञ्छकुलकम् | ०–२–० |
| १८ | विचारसप्ततिका | ०–३–० |
| १९ | अल्पबहुत्वगर्भितवीरस्तवनादि. | ०–२–० |
| २० | पञ्चसूत्रम् | ०–८–० |
| २१ | जम्बूस्वामी चरित्रम् | ०–४–० |
| २२ | रत्नपालनृपकथानकम् | ०–५–० |
| २३ | सूक्तरत्नावली | ०–४–० |
| २४ | मेघदूतसमस्यालेखः | ०–४–० |
| २५ | चेतोदूतम् | ०–४–० |
| ×२६ | अष्टान्हिकाव्याख्यानम् | ०–६–० |
| ×२७ | चम्पकमालाकथानकम् | ०–६–० |
| ×२८ | सम्यकत्वकौमुदी | ०–१२–० |
| ×२९ | श्राद्धगुणविवरणम् | १–०–० |
| ×३० | धर्मरत्नप्रकरणं (स्वोपज्ञटीकया समलंकृतम्) | ०–१२–० |
| ×३१ | कल्पसूत्रं सुबोधिकानाम्न्या टीकया भूषितम् | ०–८–० |
| ×३२ | उत्तराध्ययनम् (भाविजयगणि-विरचितटीकयोपेतम्) | ५–०–० |
| ×३३ | उपदेशसप्ततिका | ०–१३–० |
| ×३४ | कुमारपालप्रबन्धः | १–०–० |
| ×३५ | आचारोपदेशः | ०–३–० |
| ३६ | रोहिण्यशोकचन्द्रकथा | ०–२–० |
| ×३७ | ज्ञानसाराष्टकं (ज्ञानमञ्जरीनाम्न्या टीकया समलंकृतम्.) | १–०–० |
| ३८ | गुरुगुणषट्त्रिंशत्षट्त्रिंशिकाकुलकं (दिपिकया भूषितम्) | ०–१०–? |
| ३९ | समयसारप्रकरणं (स्वोपज्ञव्याख्योपेतम्) | ०–१०–० |
| ४० | सुकृतसागरम् | ०–१२–० |
| ४१ | धम्मिलकथा | ०–२–० |
| ४२ | धन्यकथानकम् | ०–२–० |
| ४३ | प्रतिमाशतकम् | ०–८–० |
| ४४ | चतुर्विंशतिस्तुति संग्रहः | ०–६–० |
| ४५ | रौहिणेयकथा | ०–२–० |
| ×४६ | क्षेत्रसमासप्रकरणं (स्वोपज्ञटीकया भूषितम्।) | १–०–० |
| ४७ | श्राद्धविधिः (विधिकौमुदीनामन्या वृत्त्योपेतः) | २–८–० |
| ४८ | बृहत्संग्रहणी | २–८–० |
| ४९ | षडदर्शनसमुच्चयः | ३–०–० |
| ५० | पञ्चसंग्रहः | ३–८–० |
| ५१ | सुकृतसंकीर्तनमहाकाव्यम् | ०–१२–० |
| ५२ | चत्वारः प्राचीनकर्मग्रन्थाः | २–८–० |
| ५३ | सम्बोधसप्ततिः | ०–१०–० |
| ५४ | कुवलयमाला कथा–संस्कृत | १–८–० |
| ५५ | सामाचारीप्रकरणं (स्वोपज्ञटीकयाभूषितम्) | ०–१०–० |
| ५६ | करुणावज्रायुधनाटकम्। | ०–४–० |
| ५७ | कुमारपालचरित्रमहाकाव्यम् | ०–१०–० |
| ५८ | महावीर चरियं | १–०–० |
| ५९ | कौमुदीमित्राणन्दनाटकम् | ०–८–० |
| ६० | प्रबुद्धरौहिणेयम् | ०–६–० |
| ६१ | धर्माभ्युदयम् | ०–६–० |
| ६२ | पञ्चनिग्रन्थीप्रज्ञापनातृतीयपदसंग्रहणी प्रकरणे | ०–८–० |
| ६३ | रयणसेहरीकहा | ०–८–० |
| ६४ | सिद्ध प्राभृत | ०–१०–० |
| ६५ | दानप्रदीपं | २–०–० |
| ६६ | बंध हेतुदयत्रिभंगी आदि | ०–१२–० |
| ६७ | धर्म परिक्षा | ०–१२–० |
| ६८ | सप्ततिशतस्थान | १–०–० |
| ६९ | चैत्यवंदन महाभाष्य | ३–१२–० |
| ७० | प्रश्नपद्धति | ०–२–० |
| ७१ | कल्प किरणावली | ०–०–० |

×આ નીશાનીવાળા ગ્રંથો સિલીકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

७२ योगदर्शन १–८–०
७३ मंडल प्रकरण ०–४–०
७४ देवेन्द्रनरकेन्द्र सटीक ०-१२-०
७५ सुमुखनृपादिकथानकम् ०-११-०

**छपायेला परचुरण संस्कृत ग्रंथो.**

१ मेरु त्रयोदशी कथा ०–४–०
२ सुसढ चरित्र ०–२–०
३ श्री सुदर्शना चरित्र ( प्रथम भाग ) ०–६–०
४ जल्प मंजरी ०–२–०
५ जैन व्रतक्रिया विधि भेट
६ साधु आवश्यक क्रियासूत्र ,,
७ नळदमयंति आख्यान ,,
८ श्री अनुत्तरोपपातिक दशासूत्र ०–६–०

**छपायेला जैन ऐतिहासिक ग्रंथो.**

(श्रीमान् प्रवर्तकजी श्री कान्तिविजयजी ग्रंथमाळा.)

१ विज्ञप्ति त्रिवेणी १–०–०
२ कृपा रसकोष १–०–०
३ शत्रुंजय तिर्थोद्धार प्रबंध १–०–०
४ प्राचीन जैन लेख संग्रह भाग १ लो १–०–०
५ द्रौपदी स्वयंवर नाटक ०–४–०
६ प्राचीन लेख संग्रह भा. २ जो ३–८–०

## છપાયેલાં ગુજરાતી ભાષાનાં પુસ્તકો.

૧ શ્રી જૈન તત્ત્વાદર્શ (શાસ્ત્રી) ૫–૦–૦
૨ નવતત્ત્વનો સુંદર બોધ ૦-૧૦-૦
×૩ દેવસીરાઇ પ્રતિક્રમણ ૦–૩–૦
૪ જીવવિચાર વૃત્તિ ૦–૬–૦
૫ અજ્ઞાન તિમિર ભાસ્કર ૨–૮–૦
૬ જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર ૦–૮–૦
૭ જૈનતત્ત્વસાર મૂળ તથા ભાષાંતર ૦–૬–૦
૮ દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચૂરિ ૦–૮–૦
૯ નયમાર્ગદર્શક ૦-૧૨-૦
૧૦ હંસવિનોદ ( શાસ્ત્રી ) ૦-૧૨-૦
×૧૧ વિવિધ પૂજાસંગ્રહ ૦–૮–૦
૧૨ કુમાર વિહાર શતક. મૂળ. અવચૂરિ અને ભાષાંતર સાથે (શાસ્ત્રી) ૧–૮–૦
૧૩ જૈન તત્વસાર ભાષાંતર ૦–૨–૦
૧૪ પ્રકરણ સંગ્રહ ૦–૪–૦
૧૫ નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત ૦–૮–૦
૧૬ આત્મવલ્લભ સ્તવનાવલી ૦–૬–૦
૧૭ મોક્ષપદ સોપાન ૦-૧૨-૦
×૧૮ ધર્મબિન્દુ ગ્રંથ, મૂળ ટીકા અને ભાષાંતર સાથે ૨–૮–૦
૧૯ પ્રશ્નોત્તર પુષ્પમાલા ( શાસ્ત્રી ) ૦-૧૪-૦
×૨૦ ધ્યાનવિચાર ( ગુજરાતી ) ૦–૩–૦
૨૧ શ્રાવક કલ્પતરૂ ૦–૬–૦
૨૨ આત્મપ્રબોધ ગ્રંથ ( શાસ્ત્રી ) ૨–૮–૦
×૨૩ આત્મોન્નતિ ૦-૧૦-૦
૨૪ પ્રકરણ પુષ્પમાલા પ્રથમ પુષ્પ ૦–૬–૦
૨૫ જંબુસ્વામી ચરિત્ર ૦–૮–૦
૨૬ જૈન ગ્રંથ ગાઇડ ( ગુજરાતી ) ૧–૦–૦
૨૭ તપોરત્ન મહોદધિ ભાગ ૧—૨ તમામ તપ વિધિ સાથે. ૦–૮–૦
×૨૮ વિવિધ પૂજાસંગ્રહ (બી. આવૃત્તિ) ૧–૪–૦
૨૯ સમ્યક્ત્વ સ્તવ ૦–૪–૦
૩૦ શ્રી શ્રાદ્ધગુણ વિવરણ ૧–૮–૦
૩૧ ચંપકમાળા ચરિત્ર ૦–૮–૦
×૩૨ કુમારપાલ ચરિત્ર ( હિંદી ) નથી
૩૩ શ્રી સમ્યક્ત્વ કૌમુદી ,, ૧–૦–૦
૩૪ પ્રકરણ પુષ્પમાલા બીજું રત્ન ૦–૮–૦
૩૫ અનુયોગદ્વાર સૂત્ર ૦–૮–૦
૩૬ અધ્યાત્મમત પરીક્ષા ૦–૪–૦
૩૭ ગુરૂગુણ છત્રીશી ૦–૮–૦
૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી ૦–૫–૦
×૩૯ શ્રી આત્મકાન્તિ પ્રકાશ ૦–૪–૦
૪૦ જ્ઞાનામૃત કાવ્યકુંજ ( જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય, અનુવાદ સહિત ) ૦-૧૨-૦
૪૧ શ્રી દેવ ભક્તિમાળા પ્રકરણ ૧–૦–૦
૪૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ૧–૦–૦
૪૩ સંબોધ સિત્તરી ૧–૦–૦
૪૪ ગુણમાલા ( પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત) ૧–૮–૦
૪૫ સુમુખનૃપાદિ કથા. ૧–૦–૦

**छपाता ग्रंथो.**

१ श्री नेमनाथ चरित्र.
२ श्री दानप्रदीप भाषांतर
३ श्रावक धर्म विधि.
४ मेघदूत काव्य
५ गुरुतत्व विनिश्चय
६ श्री सुपार्श्वनाथ चरित्र भाषांतर

× આ નીશાનીવાળા ગ્રંથો સીલીકમાં નથી.

**આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


ઘણીજ થોડી નકલો સીલીકે છે.

# " શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર. "

( અનુવાદક પ્રસિદ્ધ વક્તા જૈનાચાર્ય શ્રીમદ્ અજીતસાગરજીસૂરિ. )

## આ ચરિત્રમાં શું જોશો.

શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના જન્મ મહોત્સ, બાલ વય, વિવાહ, દિક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ પાંચે કલ્યણકો વગેરે વખતે દેવતાઓએ કરેલ પ્રભુભક્તિ કે જેનું વિસ્તર પૂર્વક વર્ણન બીજા બધા તિર્થંકર મહારાજના ચરિત્રો કરતાં આ ચરિત્રમાં વિશેષ જાણવા યોગ્ય અને અહ્લાદ ઉત્પન્ન કરે છે. પ્રભુ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અનેક સ્થળોએ વિચરી ભવ્ય જીવોને હિતકર ઉપદેશ અનેક કથાઓ સહિત આપેલ છે. આ ગ્રંથમાં ક્રમવાર આપેલ કથાઓની અલૌકિક રચના અને તેમાં છુપાયેલ અપૂર્વ તત્ત્વજ્ઞાન બોધ એવો છે કે તેની ખુબી જોતાં અસાધારણ ગૌરવનું પાત્રભૂત આ ચરિત્ર છે. એમ જણાય છે.

આ ગ્રંથના કર્તા શ્રીમાન્ અભયદેવસૂરિના પ્રશિષ્ય શ્રીમાન્ લક્ષ્મણગણી છે, કે જે મહાત્માએ આ ગ્રંથ સંવત ૧૧૯૯ માં કુમારપાળ રાજાના વખતમાં રચ્યો છે. આ ચરિત્રની રચના પ્રતિભા ખરેખર અદ્વિતીય હોવાથી તે આદર્શરૂપ બનેલ છે.

આ ગ્રંથમાં શ્રાવક જનોને પાળવા લાયક સમ્યકત્વ મૂળ બાર વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે અને અતિચારના સેવનથી થતું અશુભ ફળ અને વ્રતથી થતું શુભ ફળના પ્રત્યેક દૃષ્ટાંતો અને કથાઓ આપી છે, જે બીજે સ્થળે આટલું વિસ્તાર પૂર્વક મળવા અસંભવ છે. એટલુંજ નહિ પરંતુ તે કથાઓમાં બુદ્ધિનો મહિમા–સ્વભાવનું વિવેચન, અદ્ભૂત તત્વવાદનું વર્ણન, લૌકકિ આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ, નૈતિક જીવન વિગેરે તત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ ગ્રંથનો ઉપોદ્ઘાત પણ ભાષાંતર કર્તા મહાત્માએ બહુજ વિદ્વતાપૂર્ણ તત્વદૃષ્ટિએ, સંક્ષિપ્ત વર્ણનરૂપ લખેલ હોઇ ખાસ વાંચવા જેવો છે. એકંદર આ ગ્રંથ મનુષ્ય જીવનનો માર્ગદર્શક, જૈન દર્શનનો આચાર વિચારનું ભાન કરાવનાર અને તત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માને મોક્ષ પ્રાપ્ત કરવા માટે એક પ્રબળ સાધન છે. ઘરમાં, પુસ્તકાલયમાં. નિવાસ સ્થાનમાં અને કોઇપણ પ્રસંગે સ્મરણ–મનન માટે પોતાની પાસે આ ગ્રંથ અવશ્ય હોવો જોઇએ.

ઉંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં ઉંચા રેશમી કાપડના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. પાંચશો પાનાનો આ ગ્રંથ છે. કિંમત રૂ. ૨-૦-૦ પોસ્ટ ખર્ચ જુદો—

**મળવાનું ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

# " શાંતિનો માર્ગ "

આ બુક સાધુ સાધ્વી મહારાજ, જ્ઞાનભંડાર અને પુસ્તકાલયોને શા ઝવેરચંદ દલીચંદ વગેરે તરફથી ભેટ આપવાની છે પોસ્ટની બે આનાની ટીકીટ મોકલવી—

શા. નાગરચંદ ઝવેરચંદ
ઠે—શેઠ ફળીયા—વલસાડ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દશ સદ્ધર્મો.

**દશ સદ્ધર્મો.**

૧ સર્વ ધર્મનું મૂળ દયા છે. પણ દયાના પૂર્ણ ઉત્કર્ષ માટે ક્ષમા, નમ્રતા, સરલતા, પવિત્રતા. સંયમ, સંતોષ, સત્ય. તપ, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, એ દશ ધર્મો સેવવા જોઇયે. (૧) ક્ષમા રહિત માણસ દયાનું સારી રીતે પાલન નથી કરી શકતો; તેથી જે ક્ષમા કરવામાં તત્પર છે તે ધર્મને ઉત્તમ રીતે સાધી શકે છે. (૨) સર્વ સદ્‌ગુણો વિનયને આધીન છે; અને વિનય નમ્રતાથી આવે છે. જે પુરૂષ નમ્ર છે તે સર્વગુણસંપન્ન થાય છે. (૩) સરલતા વિના કોઇ પુરૂષ શુદ્ધ થઇ શકતો નથી. અશુદ્ધ જીવ ધર્મ પાળી શકતો નથી. ધર્મ વિના મોક્ષ નથી અને મોક્ષ વિના સુખ નથી (૪) માટે સરલતા વિના પવિત્રતા નથી. અને પવિત્રતા વિના મોક્ષ નથી. (૫-૬) વિષયસુખના ત્યાગથી જેણે ભય તથા રાગ-દ્વેષને તજ્યા છે એવા ત્યાગી પુરૂષ નિગ્રન્થ (સંયમી અને સંતોષી) કહેવાય છે. (૭) તન, મન, અને વચનની એકતા રાખવી, અને પૂર્વાપર અવિરૂદ્ધ વચનનો ઉચ્ચાર કરવો એ ચાર, પ્રકારનું સત્ય છે. (૮) ઉપવાસ, આહારમાં બે ચાર કોળીયા ઉણા રહેવું, આજીવિકાનો નિયમ, રસત્યાગ, શીતોષ્ણાદિ સમવૃત્તિથી સહેવાં અને સ્થિરાસને રહેવું એ છ પ્રકારનું બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત્ત, ધ્યાન, સેવા, વિનય, કાયોત્સર્ગ અને સ્વાધ્યાય એ છ પ્રકારનું આભ્યન્તર તપ છે. (૯) સંપૂર્ણ સંયમપૂર્વક મન, વચન અને કાયાવડે રહેવું એ બ્રહ્મચર્ય છે, (૧૦) નિઃસ્પૃહતા એજ અપરિગ્રહ છે. આ દશ ધર્મોના સેવનથી આપોઆપ ભય, રાગ અને દ્વેષ નાશ પામે છે અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

**સ્વાભાવિક ઉન્નતિપન્થ**

૨ શાન્ત, દાન્ત, વ્રત-નિયમમાં સાવધાન અને વિશ્વવત્સલ મોક્ષાર્થી મનુષ્ય નિષ્કપટપણે જે જે ક્રિયા કરે છે તેથી ગુણની વૃદ્ધિ થાય છે. જે પુરૂષની શ્રદ્ધા પવિત્ર છે તેને શુભ અને અશુભ બન્ને વસ્તુઓ શુભ વિચારને લીધે શુભ રૂપેજ ફળ આપે છે.

**अहिंसा परमो धर्मः**

૩ હે મુનિ, * જન્મનાં અને જરાનાં દુઃખ જો. તને જેમ સુખ પ્રિય છે તેમ સર્વે જીવોને સુખ પ્રિય છે એમ વિચારી, કોઇ પણ જીવને મારીશ નહિ અને બીજા પાસે મરાવીશ નહિ. લોકોનાં દુઃખોને જાણનાર સર્વે જ્ઞાની પુરૂષોએ મુનિઓને, ગૃહસ્થોને, રાગીઓને, ત્યાગીઓને, ભોગીઓને અને યોગીઓને આવો પવિત્ર અને શાશ્વત ધર્મ કહ્યો છે કે 'કોઇ પણ જીવને હણવો નહિ, તેના પર હકુમત ચલાવવી નહિ, તેને કબજે કરવો નહિ અને તેને હેરાન કરવો નહિ.' પરાક્રમી પુરૂષ સંકટો પડતાં પણ દયા છોડતો નથી.

---

* મુનિ એટલે વિચારશીલ પુરૂષ.

For Private And Personal Use Only